
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૩ * નવેમ્બર, ૨૦૨૧



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સ્વપ્ન-અવસ્થામાં પ્રત્યક્ષ જોવામાં આવેલા શરીરાદિકનો નાશ થવા છતાં જેમ આત્માનો નાશ થતો નથી તેમ જાગૃત અવસ્થામાં પણ દેખેલા શરીરાદિકનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી; કારણ કે બંને અવસ્થાઓમાં વિપરીત પ્રતિભાસમાં કાંઈ ફેર નથી. ૧૮૯૯. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૦૧)

● જિતને અનર્થકારક ભાવ હૈં યા સંયોગ હૈં, વે સબ ગલ જાતે હૈં. મિથ્યાજ્ઞાનસે જો યહ અપની પ્રસન્નતા રખતા હૈ વહ ભાવ ભી ગલ જાતા હૈ. પુદ્ગલકા સર્વ સ્વભાવ ગલ જાતા હૈ. એક જ્ઞાનસ્વભાવકો લિયે હુએ આત્મા મુક્તિમેં જાતા હૈ. ૧૯૦૦.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૧૫)

● નિશ્ચયથી રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું એ અહિંસા છે અને તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે હિસા છે. એવો જૈન સિદ્ધાન્તનો સાર છે. ૧૯૦૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, ગાથા-૪૪)

● જો સૌથી પ્રથમ સંસારના ભયથી મોક્ષસુખમાં દૃઢ રુચિ ઉત્પન્ન થાય છે તો તે (મોક્ષસુખની) પ્રાપ્તિનો સહેલો ઉપાય છે. ૧૯૦૨.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૮, ગાથા-૪)

● અબ સમ્યગ્દર્શનકા ઉદય હો ગયા હૈ. ઈસી સમ્યગ્દર્શનકે દ્વારા પરમાત્મ-પદકા પ્રકાશ હોતા હૈ. આત્માકે સ્વભાવકા પ્રકાશ હોના હી સિદ્ધપદ હૈ. શ્રી પરમજિન અરહંતભગવાનને હી ઐસા કહા હૈ. ૧૯૦૩.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનુ-૮૫ )

● જો સમસ્ત દેવ ઔર મનુષ્ય ઈન્દ્રિયોંકે વિષયોંસે ઉત્પન્ન ઔર ઈન્દ્રિયોંકે તૃપ્ત કરનેમેં સમર્થ ઐસે નિરાબાધ સુખકો વર્તમાનકાલમેં ભોગતે હૈં તથા સબને અતીતકાલમેં જો સુખ ભોગે હૈં ઔર જો સુખ મહાઋદ્ધિયોંસે ઉત્પન્ન હુએ હૈં તથા સ્વાદિષ્ટ ઔર મનકો પ્રસન્ન કરનેવાલે જો સુખ આગામી કાલમેં ભોગે જાયેંગે ઉન સમસ્ત સુખોંસે અનંતગુણે અતીન્દ્રિય ઔર અપને સ્વભાવસે ઉત્પન્ન હોનેવાલે સુખકો શ્રી સિદ્ધ ભગવાન પરમેશ્વર એક હી સમયમેં ભોગતે હૈં. ૧૯૦૪.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪૨, શ્લોક-૬૬-૬૭-૬૮ )

વર્ષ–૧૬
અંક–૩




વિ. સંવત
૨૦૭૭
November
A.D. 2021

# મહાવીર પ્રભુના માર્ગે


મહાવીરપ્રભુના નિર્વાણોત્સવને ચાર–પાંચ દિવસની વાર હતી ત્યારે જિનમંદિરમાં ભાવભીની ભક્તિ ગવાતી હતી કે 'મહાવીરા ! તેરી ધૂનમેં આનંદ આ રહા હૈ...' સંતોને મહાવીરપ્રભુની ધૂનમાં આનંદ આવે છે–કેમકે મહાવીરનો માર્ગ તેમણે જોયો છે, ને એ વીરમાર્ગે તેઓ જઈ રહ્યા છે....એ માર્ગ આનંદકારી છે.

તે વખતે એમ થયું કે હે વીરનાથ ! આપ તો આ ભરતક્ષેત્રને સૂનું સૂનું મૂકીને સિદ્ધાલયમાં પધારી ગયા...અમે તો આપને જોયા ય નથી....ત્યારે વીરનાથની પ્રતિમામાંથી જાણે ધ્વનિ ઊઠતો હોય કે હે ભવ્ય ! મારો માર્ગ ભરતક્ષેત્રમાં અત્યારેય જીવંત છે. ને એ માર્ગ દેખાડનારા સાધકો પણ વિદ્યમાન છે, અહા, આજ અઢી હજાર વર્ષ પછી પણ વીરનાથનો જીવંતમાર્ગ અને તે માર્ગે દોરી જનારા સંતો,–એમને દેખીને આનંદ થાય છે.

હે વીરપ્રભો ! આપના મોક્ષગમન પછી પણ આપ જે માર્ગ દેખાડી ગયા તે માર્ગે થોડા જ વખતમાં ગૌતમસ્વામી આપની પાસે મોક્ષમાં આવ્યા, પછી તો સુધર્માસ્વામી ને જંબૂસ્વામી પણ એ જ માર્ગે આવ્યા,.... ભદ્રબાહુસ્વામી ને ધરસેનસ્વામી, કુંદકુંદસ્વામી ને વીરસેનસ્વામી, સમંતભદ્રસ્વામી ને અમૃતચંદ્રસ્વામી વગેરે ઘણાય મુનિવરો આપના જ માર્ગે ઝડપભેર આવી રહ્યા છે. અમારા તારણહાર, પરમ ઉપકારી પૂજ્ય ગુરુ કહાન તથા ધન્ય અવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી માતા આદિ અનેક સંતો પણ આત્મશ્રદ્ધાના બળે આપના માર્ગે આવી રહ્યા છે...ને તેમની સાથે સાથે અમને પણ આપના જ માર્ગે દોરી રહ્યા છે...અમારા માટે આ મહાન આનંદની વાત છે અને અમે રોજ ભાવના ભાવીએ છીએ કે–

'પ્રભુજી ! તારા પગલે પગલે મારે આવવું રે.....'





# સુપ્રભાત માંગલિક

આજે બેસતું વરસ છે. નવા વરસના પ્રભાત તો ઘણાં ઉગે છે પરંતુ આત્માના સમ્યગ્જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ ખીલીને જે કેવળજ્ઞાન પ્રગટે છે તે જ ખરું સુપ્રભાત છે. નવા વરસના પ્રભાત તો ઘણા આવ્યા અને ઘણાં ગયાં પણ પ્રભાત તો તેને કહેવાય કે જે આત્માનો જે કેવળજ્ઞાન સૂર્યનો ઝળહળતો પ્રકાશ ઉગ્યો તે ઉગ્યો પછી અસ્ત ન થાય—તેનું નામ સુપ્રભાત મંગળિક છે કઈ રીતે મંગળિક છે? મંગળિક એટલે જે આત્માના ભાન દ્વારા પોતાના પુરુષાર્થ વડે કેવળજ્ઞાન પમાડે તે પોતે સુમંગળ છે. નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ સમ્યગ્જ્ઞાન અને નિર્મળ સમ્યક્ચારિત્ર તે ત્રણ ગુણોની નિર્મળ પર્યાય પ્રગટે તે પવિત્ર ભાવ છે—પવિત્ર પર્યાય છે, તે પવિત્ર પર્યાય પ્રગટતાં રાગ-દ્વેષની અપવિત્ર પર્યાયનો નાશ થાય છે તેથી તે પવિત્ર ભાવ પોતે જ મંગળ છે. આત્મા સહજ સ્વરૂપ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ વગેરે ગુણોથી ભરેલો સ્વભાવ સંપદાનું મંદિર છે. સ્વભાવની પૂર્ણ લક્ષ્મીનું વીતરાગી મંદિર છે. આત્મા જ્ઞાન આનંદથી તાદાત્મ્ય (એકમેક) સ્વરૂપ છે તેનાથી કદી આત્મા છૂટ્યો નથી. એવા આત્મસ્વભાવમાં દૃષ્ટિના જોરથી જેને કેવળજ્ઞાન પ્રગટ્યું તેને જ સાદિ-અનંત સુપ્રભાતનો પ્રકાશ થયો અને મોક્ષદશા પ્રગટી તે જ નવું વર્ષ બેસ્યું છે. જીવને આત્માના પૂર્ણ સ્વભાવનો અને કેવળજ્ઞાનનો મહિમા આવતા પરનો મહિમા ટળે છે—તે જ મંગળ છે.

જે સુપ્રભાતમાં સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બે આવરણ કર્મોની સ્થિતિરૂપ રાત્રિનો અંત થઈને અન્તરાય કર્મના ક્ષયરૂપી પ્રકાશ થઈ જતાં તથા શીઘ્ર જ મોહકર્મથી નિર્મિત નિદ્રાભાર સહસા દૂર થઈ જતાં સમીચીન જ્ઞાન અને દર્શનરૂપ નેત્રયુગલ સર્વ તરફ વિસ્તાર પામ્યા છે અર્થાત્ ખૂલી ગયાં છે એવા તે સ્થિર સુપ્રભાતને જેમણે પ્રાપ્ત કરી લીધું છે તે જિનેન્દ્રદેવોને નમસ્કાર હો.

પદ્મનંદી પંચવિંશતિ, સુપ્રભાત અષ્ટક, શ્લોક–૧



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ધર્માત્માની અનુભવદશાનું વર્ણન અને તે અનુભવનો ઉપાય

(ગાથા ૧૪૨-૪૩-૪૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન) (ગતાંકથી ચાલુ)

જે જીવ આત્માનો ખરો જિજ્ઞાસુ થઈને તેના અનુભવનો પ્રયત્ન કરવા મથે છે, તેને શું થાય છે ને કઈ રીતે તે સ્વાનુભવમાં પહોંચે છે—તે સંબંધી સુંદર વિવેચન જાણવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીનું આ પ્રવચન વાંચો.

૧૭. જે જીવ આત્માનો ખરો જિજ્ઞાસુ થઈને તેના અનુભવનો પ્રયત્ન કરવા મથે છે તેની આ વાત છે. અંતરના અનુભવમાં વળ્યા પહેલાં અનેક પ્રકારના વિકલ્પોની જાળ ઊઠે છે. પરંતુ કરું એવી તો વાત નથી, અશુભ વિકલ્પોની પણ વાત નથી, શુભ વિકલ્પોમાં પણ બહારના વિકલ્પોની વાત નથી; અંતરમાં ઢળવાં માટે 'હું જ્ઞાન છું, હું નિત્ય છું', ઇત્યાદિ જે વિકલ્પો ઊઠે છે તે વિકલ્પોની જાળમાં જ્યાં સુધી અટવાઈ રહે ત્યાં સુધી પણ સ્વાનુભવમાં પહોંચાતું નથી. જ્યારે તે વિકલ્પની જાળમાંથી બહાર નીકળીને, જ્ઞાનભાવમાં પહોંચે છે ત્યારે તે વિકલ્પોની જાળ આપોઆપ સમાઈ જાય છે. બહારથી ખસીને અંતરમાં ઢળતાં વચ્ચે એવો વિકલ્પોનો કાળ આવે છે પણ જ્ઞાનલક્ષે તે વિકલ્પોને ઓળંગીને સ્વાનુભવ થાય છે.

૧૮. વિકલ્પો વચ્ચે આવે તેને સાધન માનીને અટકે, તેના વેદનમાં શાંતિ ભાસે, તેને તો તે વિકલ્પોનો જે કાળ છે, તેને તો સ્વાનુભવનો કાળ આવતો નથી. પણ જે આત્માર્થી છે તેને તો વિકલ્પોના કાળે પણ જ્ઞાનસ્વભાવનું લક્ષ ભેગું જ વર્તતું હોવાથી એકલા વિકલ્પોનો જ કાળ નથી, વિકલ્પોનું જ અવલંબન નથી, પણ જ્ઞાનલક્ષનું અવલંબન હોવાથી તે વિકલ્પોને ઓળંગીને અપૂર્વ સ્વાનુભવનો અવસર પ્રાપ્ત કરે છે—ચૈતન્યના શાંતસરોવરમાં જઈ વિકલ્પોની આકુળતાના આતાપને શમાવે છે. ચૈતન્યની આવી અનુભૂતિમાં એકલો અતીન્દ્રિય શાંતરસ જ વેદાય છે, ત્યાં વિકલ્પોની વિષમતા વેદાતી નથી.

૧૯. ચૈતન્યનું સ્ફુરણ થતાં જ, એટલે કે અંતર્મુખ થઈને જ્યાં ચૈતન્યને લક્ષમાં લીધો

યત્સ્વર્ગાવતરોત્સવે યદભવજ્જન્માભિષેકોત્સવે
યદ્દીક્ષાગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે, —સુપ્રભાત સ્તોત્ર

ત્યાં જ, સમસ્ત વિકલ્પોની ઈન્દ્રજાળ દૂર થઈ જાય છે. જેમ સિંહનો જરાક રણકાર થતાં જ હરણીયાં દૂર થઈ જાય છે, તેમ અંતર્મુખ જ્ઞાનમાં જ્યાં ચિદાનંદ તત્ત્વનું સ્ફૂરણ થયું કે તરત જ સમસ્ત વિકલ્પો વિલય પામી જાય છે.

૨૦. 'હું જ્ઞાન છું—એક છું, અનેક છું; નિત્ય છું, અનિત્ય છું' આ પ્રકારે સ્વતત્ત્વના સંબંધી વિકલ્પોમાં અટકવું તે પણ સ્વાનુભવમાં બાધક છે, તો પછી પરનું કરું—એવા બાહ્યમાં ઝૂકતા વિકલ્પોમાં અટકે તેની તો વાત જ શી ?—એ તો સ્વાનુભવથી ઘણો દૂર-દૂર છે. જે ખરી ધગશવાળો છે, ખરો આત્માનો રંગી છે, તે જીવ એવા દુર્વિકલ્પોમાં તો નથી અટકતો અને સ્વાનુભવ પહેલાં વચ્ચે આવી પડેલા ભેદ-વિકલ્પોમાં પણ તે અટકવા નથી માંગતો, તેને પણ ઓળંગીને સ્વાનુભવમાં જ પહોંચવા માંગે છે. કઈ રીતે સ્વાનુભવમાં પહોંચે છે તે વાત ૧૪૪મી ગાથામાં આચાર્યદેવે અલૌકિક ઢબે બહુ સરસ સમજાવી છે.

૨૧. જ્ઞાનસ્વભાવ તરફ ઢળતાં ઢળતાં, હજી જ્યાં સુધી સાક્ષાત્ જ્ઞાનમાં આવ્યો નથી ત્યાં સુધી વચ્ચે આવા વિકલ્પોની જાળ આવશે, તે બતાવીને આચાર્યદેવ કહે છે કે તે વિકલ્પજાળમાં તું ગુંચવાઈ ન જઈશ, પણ જ્ઞાનને તેનાથી જુદું તારવીને તે વિકલ્પજાળને ઓળંગી જાજે, ને જ્ઞાનને અંતરમાં લઈ જાજે. આમ કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભવનો અપૂર્વ આનંદ તને અનુભવાશે.

૨૨. અહા, દૃષ્ટિ પલટતાં બધું પલટી જાય છે; ઉપયોગનો પલટો કરવાનો છે. ઉપયોગનું લક્ષ બહારમાં અટકવાથી સંસાર ઊભો થયો છે, ઉપયોગનું લક્ષ અંતરમાં વાળતાં સંસાર ટળીને મોક્ષ થાય છે.

ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.

૨૩. મૂળવસ્તુસ્વભાવ શું છે તેના અંતર્મુખી નિર્ણય વગર વિકલ્પથી ભિન્નતા થઈ શકે નહિ. જે જીવ જ્ઞાનસ્વભાવમાં અંતર્મુખ થયો ને વિકલ્પથી જુદો પડ્યો, તેને પછી અમુક પ્રકારના રાગના વિકલ્પો હોય તો પણ તેના ગ્રહણનો ઉત્સાહ નથી, તેના અવલંબનની બુદ્ધિ નથી, ઉત્સાહ તો ચૈતન્ય તરફ જ વળી ગયો છે, બુદ્ધિમાં એટલે કે ભાવશ્રુતજ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનું એકલું જ અવલંબન છે.—આવો સમકિતી ધર્માત્મા નયપક્ષથી અતિક્રાંત થયેલો શુદ્ધાત્મા છે, તે જ 'સમયસાર' છે.

**યન્નિર્વાણગમોત્સવે　જિનપતેઃ　પૂજાદ્‌ભુતં　તદ્રવૈઃ**
**સંગીતસ્તુતિમંગલૈઃ　પ્રસરતાં　મે　સુપ્રભાતોત્સવ. ૧**

૨૪. અહા ! નિર્વિકલ્પ અનુભવ વખતે સમકિતી ધર્માત્મા કેવો હોય છે, તે વાત ભગવાન કેવળજ્ઞાની સાથે સરખાવીને આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવી છે. જે જે જીવને સમ્યગ્દર્શન થાય તેને આવી દશા હોય છે.

૨૫. જેમ કેવળી પરમાત્મા નયોના પક્ષથી પાર છે તેમ અનુભવદશામાં સમકિતી પણ નયનોના પક્ષથી પાર છે; એ વાત કેવળી ભગવાનના દૃષ્ટાંતથી આચાર્યદેવે સ્પષ્ટ સમજાવી છે–

● જેમ કેવળીભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે નયપક્ષના સ્વરૂપના પણ સાક્ષી જ છે–જ્ઞાતા જ છે તેમ સમકિતી ધર્માત્માને નયપક્ષના વિકલ્પોના ગ્રહણનો ઉત્સાહ છૂટી ગયો હોવાથી, એટલે ચૈતન્ય પ્રત્યે જ ઉત્સાહ વળી ગયો હોવાથી તે પણ નયપક્ષના વિકલ્પોનો સાક્ષી જ છે–જ્ઞાતા જ છે. તેનાથી જુદો પડીને તેનો અકર્તા થઈ ગયો એટલે સાક્ષી જ રહ્યો.

● કેવળીભગવાન સકળવિમળ કેવળજ્ઞાન વડે વિજ્ઞાનઘન થયા છે, તેમાં નયપક્ષના વિકલ્પોનો પ્રવેશ નથી; તેમ સમકિતી ધર્માત્મા પણ ભાવશ્રુતને અંતર્મુખ કરીને, તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ચૈતન્ય સ્વભાવને ગ્રહણ કરીને તેમાં જ પ્રતિબુદ્ધ થયા છે, એટલે કે ચૈતન્યના અનુભવવડે વિજ્ઞાનઘન થયા છે, તેથી તેના અનુભવમાં પણ નયપક્ષના વિકલ્પોનો પ્રવેશ નથી.

● કેવળીભગવાન સદા વિજ્ઞાનઘન થયા છે, તો શ્રુતજ્ઞાની ધર્માત્મા પણ અનુભવદશા વખતે વિજ્ઞાનઘન થયા છે.

● કેવળીભગવાન તો શ્રુતજ્ઞાનની ભૂમિકાને જ ઓળંગી ગયા છે એટલે તેમને નયપક્ષના વિકલ્પોનું ઉત્થાન રહ્યું નથી; શ્રુતજ્ઞાની સમકિતી ધર્માત્મા–(ભલે સ્ત્રી હો, નરકમાં હો, તિર્યંચ હો કે દેવ હો) તે પણ અનુભવના કાળે શ્રુતજ્ઞાનસંબંધી સમસ્ત નયપક્ષના વિકલ્પોથી અતિક્રાંત થયા છે, નિર્વિકલ્પ થયા છે, તેથી તે પણ નયપક્ષના વિકલ્પથી પાર છે.

● જેમ કેવળીભગવાન સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આત્મા છે, તેમ શ્રુતજ્ઞાન સાધક પણ અનુભવદશાના નિર્વિકલ્પકાળે જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આત્મા થયો છે, વિકલ્પોથી પાર થયો છે; અનુભૂતિમાં તેને આત્માની પ્રસિદ્ધિ થઈ છે; તેને પણ 'સમયસાર' કહ્યો છે.

(ક્રમશઃ)

શ્રીમન્નતામરકિરીટમણિપ્રભાભિઃ આલીઢપાદયુગ દુર્ધરકર્મદૂર,
શ્રીનાભિનંદન જિનાજિત શંભવાખ્ય ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૨




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૩૯)

હવે ટીકાકાર શ્રીપદ્મપ્રભમલધારીદેવ એક શ્લોક કહે છે, તેમાં ભવ્યજીવોને શુદ્ધાત્મામાં જ પોતાની બુદ્ધિ લગાડવાની પ્રેરણા કરે છે :—

(શાર્દૂલવિક્રીડિત)

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख—
निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः॥५५॥

હે ભવ્ય જીવ ! આ દુઃખરૂપ સંસારપરિભ્રમણમાં જો તું આત્માના સુખને ચાહે છે તો તારી બુદ્ધિને શુદ્ધ આત્મામાં કેમ જોડતો નથી ? શુદ્ધાત્મા પ્રીતિ અને અપ્રીતિથી વિમુક્ત શાશ્વતપદમાં બિરાજમાન છે, સંપૂર્ણ અંતર્મુખ ભેદરહિત ઉદયમાન છે, સુખમય છે, નિરાકાર છે અને ચૈતન્યરૂપી અમૃતના પૂરથી ભરપૂર જેનું શરીર છે, તથા આત્મસ્વરૂપના શોધક જીવોને જે અનુભવગોચર છે.—એવા શુદ્ધાત્માના અભ્યાસમાં જ ભવ્ય જીવોએ પોતાની બુદ્ધિ જોડવી જોઈએ. વિકારમાં બુદ્ધિ જોડવાથી સંસારમાં પરિભ્રમણ થાય છે ને શુદ્ધાત્મામાં બુદ્ધિ જોડવાથી સંસારનો નાશ થઈને મુક્તદશા પ્રગટે છે.

શ્રી આચાર્યદેવ કરુણાપૂર્વક કહે છે કે હે જીવ ! મેં 'પરનું કર્યું, મેં પરને દાન દીધું, મેં વિકાર કર્યો' એવા પ્રકારના મોહ ભાવથી તું સંસારના દુઃખમાં બળી રહ્યો છે; એ દુઃખથી જો તું છૂટવા ચાહતો હો અને આત્માનો આનંદ પ્રગટ કરવા ચાહતો હો તો, રાગ-દ્વેષરહિત ભગવાન શુદ્ધાત્મામાં તારી બુદ્ધિ જોડ, તેની શ્રદ્ધા અને જ્ઞાન કર. જો તને વિષયોના સુખોની રુચિ નથી અને સાચા સુખની ઈચ્છા છે તો સાક્ષીસ્વરૂપ આનંદકંદ આત્મામાં તારા જ્ઞાનને કેમ વાળતો નથી ?—અને વિકારમાં જ તારા જ્ઞાનને કેમ ભમાવે છે ? પુણ્ય અને પાપ એ બંને ભાવો કૃત્રિમ છે, તેમાં તારું સુખ નથી. એ બંને ભાવોથી રહિત તારું ચૈતન્યપદ શાશ્વત છે,

છત્રત્રયં પ્રચલચામરવીજ્યમાન દેવાભિનંદન મુને સુમતે જિનેન્દ્ર,
પદ્મપ્રભારુણમણિદ્યુતિભાસુરાંગ ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૩

તેમાં જ તારું સુખ છે. અવ્રત કે વ્રતરૂપ ભાવો વિકાર છે; શુદ્ધાત્મા તે વિકારમાં બિરાજતો નથી પણ વિકારરહિત શાશ્વતપદમાં બિરાજમાન છે. આત્માના ગુણો બહારથી આવતા નથી, પણ પોતે જ બધા ગુણોથી પૂરો છે. પોતાની ચૈતન્યસત્તામાં અનંતગુણોથી આત્મા શોભી રહ્યો છે, શુભ-અશુભભાવોથી ચૈતન્યની શોભા નથી. ચૈતન્યકમળમાં આત્મા પોતે ભગવાનપણે સિદ્ધ જેવો બિરાજમાન છે. એના સિવાય બહારના અરિહંત કે સિદ્ધ ભગવાનની ભક્તિ કરવાથી તેઓ કાંઈ આત્માને ધર્મ આપવાના નથી. પોતાના સ્વભાવની ઓળખાણ વગર ભગવાનની ભક્તિ વગેરેમાં ધર્મ માને તે તો અજ્ઞાની છે—અધર્મી છે.

પ્રશ્ન :—ધર્મી જીવો પણ ભગવાનની ભક્તિ તો કરે છે, તો પછી ભક્તિમાં ધર્મ માને તેને અધર્મી કેમ કહ્યો ?

ઉત્તર :—શુદ્ધાત્માનો અનુભવ થયો હોવા છતાં, ચારિત્રગુણની અસ્થિરતાને લીધે રાગ હોવાથી ધર્મી જીવોને ભગવાન પ્રત્યે બહુમાન-ભક્તિ-પૂજાદિનો વિકલ્પ આવે છે, પણ તે રાગને તેઓ ધર્મ માનતા નથી. અજ્ઞાની જીવ તો તે રાગને જ ધર્મ માને છે તેથી તે ઊંધી માન્યતાને લીધે તે અધર્મી છે. 'હે સિદ્ધ ભગવંતો ! મને સિદ્ધિ આપો, હે તીર્થંકર ભગવંતો ! મારા ઉપર પ્રસન્ન થાઓ' એમ ધર્મી જીવો બોલે છે, પણ અંતરમાં ભાન છે કે ભગવાન મને કાંઈ આપતા નથી, ને ભગવાન તરફના રાગથી પણ મારું કલ્યાણ નથી, આ માત્ર ઉપચારની ભાષા છે, તે ભાષાનો કર્તા પણ હું નથી ને શુભવિકારનો કર્તા પણ હું નથી. પોતાને પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે તેથી વિનયભાવને લીધે ભગવાન ઉપર આરોપ કરીને કહે છે. જેમ કળશ પાણીનો હોતો નથી પણ ધાતુનો હોય છે, છતાં 'પાણીનો કળશ' એમ ઉપચારથી બોલાય છે. તેમ ભગવાન તો વીતરાગ છે, તેઓ કોઈની ભક્તિથી પ્રસન્ન થતા નથી ને કોઈ નિંદા કરે તો તેમને દ્વેષ થતો નથી, છતાં 'ભગવાન પ્રસન્ન થાઓ' એમ, ભક્તિભાવને લીધે ઉપચારથી બોલાય છે.

હે મોક્ષાર્થી જીવો ! આ શુદ્ધાત્મા અંતર્મુખપણે ભેદરહિત પ્રકાશમાન છે તેને તમે ઓળખો. અંતર્મુખભાવ તે ધર્મ છે ને બહિર્મુખભાવ તે અધર્મ છે. સાક્ષાત્ તીર્થંકરભગવાન પ્રત્યેની ભક્તિનો શુભરાગ અને સ્ત્રી વગેરે પ્રત્યેનો અશુભરાગ—તે બંને બહિર્મુખ ભાવો છે, તેમાં આત્મા પ્રકાશમાન નથી. અને 'હું જ્ઞાન છું' એવા ભેદરૂપ વિકલ્પમાં પણ આત્મા પ્રકાશમાન નથી. આત્મા તો સર્વ શુભ-અશુભરહિત સંપૂર્ણ અંતર્મુખસ્વરૂપમાં ભેદરહિત સદા પ્રકાશમાન છે. એવા સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે સાચા સુખનો

અર્હન્ સુપાર્શ્વ કદલીદલવર્ણ ગાત્ર પ્રા લે ય તા રગિરિમૌક્તિકવર્ણગૌર,
ચંદ્રપ્રભ સ્ફટિક પાંડુર પુષ્પદંત ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૪

ઉપાય છે. આત્મા સંપૂર્ણપણે અંતર્મુખ ઉદયમાન છે, એટલે કે બહિર્મુખભાવનો અંશ પણ આત્માના સ્વભાવમાં નથી. બહિર્મુખ વલણથી શુદ્ધભાવ ન હોય પણ શુભાશુભ ભાવો જ હોય; ને અંતર્મુખ વલણથી શુદ્ધભાવ હોય, શુભાશુભભાવ ન હોય.

'આત્મા સર્વ પ્રકારે અંતર્મુખ ઉદયમાન છે' એમ કહીને આચાર્યદેવે સર્વે બહિર્મુખ-પરાશ્રયભાવોને તોડી પાડ્યા છે; કોઈ પણ પ્રકારના પરાશ્રયભાવથી આત્માને ધર્મ થતો નથી. જેને આત્માનું સાચું સુખ જોઈતું હોય તેણે ભેદરહિત, સદા ઉદયમાન, અખંડાનંદ ચૈતન્યમૂર્તિ આત્મસ્વભાવમાં એકતા કરવી પડશે. સૂર્ય તો માત્ર દિવસે ઉદય થાય છે, આત્મા તો અંતરંગમાં સદાય ઉદયમાન છે, વર્તમાનમાં પૂરો પર્યાય ભલે પ્રગટ ન હોય, પણ અંતરંગસ્વભાવને જુઓ તો તે સદાય ઉદયરૂપ જ છે, કદી આત્મસ્વભાવ ઢંકાતો નથી. સાધક જીવો આવા સ્વભાવને મુખ્યપણે જોનારા હોય છે, પર્યાયને મુખ્યપણે જોતા નથી, તેથી સ્વભાવની મુખ્યતાથી તેમને પર્યાયમાં નિર્મળતા વધતાં વધતાં પૂર્ણતા પ્રગટે છે. અજ્ઞાની જીવ પર્યાયને જ મુખ્ય કરીને ત્યાં અટકી જાય છે તેથી તેનો પર્યાય હીણો થતો જાય છે.

તે આત્મસ્વભાવમાં ભેદ નથી; કોઈ ભેદદ્વારા તે પ્રગટતો નથી. આકાશની જેમ નિરાલંબન ચૈતન્યબિંબ છે, તેને જડ-પુદ્ગલ જેવો રૂપી આકાર નથી પણ અરૂપી ચૈતન્ય-આકાર છે. જડને જ આકાર હોય અને ચૈતન્યને આકાર ન હોય—એવો કોઈ નિયમ નથી, તેમ જ રૂપી વસ્તુને જ આકાર હોય ને અરૂપી વસ્તુને આકાર ન હોય—એવો નિયમ પણ નથી. આત્મા, વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપ આકારરહિત અને અરૂપી ચૈતન્યબિંબ-આકારસહિત અવિનાશી સુખમય છે.

શુદ્ધાત્મા આદરણીય છે તે કેવો છે? તેનું વર્ણન ચાલે છે. રાગ-દ્વેષ બંને ભાવો અશુદ્ધ છે, આત્માના શુદ્ધભાવથી તે જુદા છે. આત્મા અવિનાશી શાશ્વતપદે બિરાજમાન છે ને સહજસુખરૂપ છે. મોક્ષદશામાં કાંઈ આત્મા નવો પ્રગટ કરવો પડતો નથી, પણ વિકારને અને સ્વભાવને જુદા જુદા જાણીને સ્વભાવની એકાગ્રતા કરતાં વિકાર ટળી જાય છે, ને શુદ્ધસ્વભાવ જેવો છે તેવો રહી જાય છે. કાંઈ 'શુદ્ધાત્મા' પ્રગટતો નથી પણ તેનો અનુભવ નવો પ્રગટે છે; શુદ્ધાત્માનો અનુભવ પ્રગટ થતાં 'શુદ્ધાત્મા જ પ્રગટ્યો' એમ કહેવાય છે. શુદ્ધાત્માને નવો કરવો પડતો નથી, વિકાર તો નવો નવો કરે છે ત્યારે જ થાય છે. જો વિકાર ન કરે તો સહજ શુદ્ધસ્વભાવ જેવો છે તેવો જ રહી જાય છે, ને વિકારરહિત શુદ્ધભાવ પ્રગટે છે.—આનું નામ મુક્તિ.

-(ક્રમશઃ) ❋

**સંતપ્તકાંચનરુચે જિનશીતલાખ્ય શ્રેયાન્વિનષ્ટ દુરિતાષ્ટ કલંકપંક,**
**બંધૂકબંધુર રુચે જિનવાસુપૂજ્ય ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૫**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, ગુણનું સ્વરૂપ કહે છે :—

**सरिसो जो परिणामो अणाइणिहणो हवे गुणो सो हि ।**
**सो सामण्णसरूवो उप्पज्जदि णस्सदे णेय ।।२४१।।**

અર્થ :—દ્રવ્યનો જે પરિણામ (ભાવ) સદૃશ અર્થાત્ પૂર્વ-ઉત્તર બધીય પર્યાયોમાં સમાન હોય, અનાદિનિધન હોય તે જ ગુણ છે. અને તે સામાન્યસ્વરૂપથી ઊપજતો-વિણસતો નથી.

ભાવાર્થ :—જેમ, જીવદ્રવ્યનો ચેતનગુણ તેની સર્વ પર્યાયોમાં વિદ્યમાન છે–અનાદિનિધન છે, તે સામાન્યસ્વરૂપથી ઊપજતો–વિણસતો નથી પણ વિશેષરૂપથી પર્યાયમાં વ્યક્તરૂપ (પ્રગટરૂપ) થાય જ છે–એવો ગુણ છે. તેવી રીતે બધાંય દ્રવ્યોમાં પોત-પોતાના સાધારણ (સામાન્ય) તથા અસાધારણ (વિશેષ) ગુણો સમજવા.

ઉત્પાદ-વ્યય, અનિત્ય અને વિસદૃશ છે. ગુણ ત્રિકાળ સામાન્ય એકરૂપ રહે છે. વ્યય, અભાવરૂપભાવ છે, માટે અનિત્ય છે, ઉત્પાદ, એક સમયનો ભાવ છે, તે પણ અનિત્ય છે. ધ્રુવ જ નિત્યભાવ છે. કેવળજ્ઞાન પણ ગુણ નથી, તે પણ ક્ષણિક પર્યાય છે, જ્ઞાનગુણ છે, તે ધ્રુવ-સદૃશ છે, તે એકેન્દ્રિય અવસ્થાથી સિદ્ધદશા સુધી ત્રિકાળ એકરૂપ રહે છે. દ્રવ્યનયનો વિષય ત્રિકાળ દ્રવ્ય સામાન્ય છે; પર્યાયાર્થિકનયનો વિષય, વર્તમાન વિશેષ છે, બંને મળીને પ્રમાણજ્ઞાનનો વિષય છે.

જેમ જીવદ્રવ્યનો ચેતનાગુણ તેની પ્રત્યેક અવસ્થામાં રહે છે, અનાદિ-અનંત પરમપારિણામિકભાવ છે. તે ધ્રુવસામાન્યસ્વભાવ નિત્ય છે, તેને ઉત્પાદ-વ્યયની પણ અપેક્ષા નથી. દરેક ગુણ ગુણરૂપથી સામાન્ય પારિણામિકભાવ છે. ગુણનું વિશેષપણું થવું, તે પર્યાય છે. પંચાસ્તિકાય ગાથા ૬૧માં કહે છે કે—

कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स। स्वस्य भवनं स्वभावः

**ઉદ્દંડદર્પકરિપો વિમલામલાંગ સ્થેમન્નનંતજિદનંત સુખાંબુરાશે,**
**દુષ્કર્મકલ્મષવિવર્જિત ધર્મનાથ ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૬**

વિભાવ પણ પોતાનો પર્યાયસ્વભાવ છે, તે પોતાના દ્વારા કરાયેલ છે. જે ગુણ છે તે ત્રિકાળ છે, તે સર્વ અવસ્થામાં વ્યાપ્ત છે. ગુણોમાં પરિવર્તન થતું નથી, તે સામાન્ય એકરૂપ રહે છે પરંતુ પર્યાય-વિશેષમાં દરેક સમયે પરિવર્તન થાય છે. ભાઈ ! જે થાય છે તેને અન્ય કોણ કરે ? અને જે નથી થતું તેને પણ કોણ કરે ?

નયદૃષ્ટિના યથાર્થ જ્ઞાન વગર અને આવી સ્વતંત્રતાના જ્ઞાન વગર, અજ્ઞાની જીવ ત્યાગી થઈ થઈ જાય, તે સાચી પરંપરા નથી. પરંપરા તો એવી છે કે પહેલા દ્રવ્યાનુયોગ અનુસાર શુદ્ધ ઉપદેશ વડે સમ્યગ્દૃષ્ટિ થવું જોઈએ.

પાત્રતા વગર ગુરુ ઉપદેશ મળતો નથી અને ગુરુ ઉપદેશ વિના યથાર્થ સમજણ થતી નથી. કહ્યું છે કે અનંતકાળમાં સત્પુરુષની સેવા ન કરી, તેનો અર્થ એ છે કે પોતાની પાત્રતા નહોતી, માટે નિમિત્તનો આરોપ પણ ન આવ્યો. રુચિપૂર્વક સત્‌નું શ્રવણ ન કર્યું, તેમને ઓળખ્યા નહીં તથા સેવા ન કરી, પોતાની પાત્રતા વિના સત્‌નું નિમિત્ત પ્રાપ્ત થવા છતાં, તે નિમિત્ત કારણ પણ ન કહેવાયું, સ્વતંત્રતા સમજે ત્યારે સાચું જ્ઞાન થાય છે.

જીવ, પરમાણુ આદિ દ્રવ્યોમાં ગુણ છે, તે પ્રગટ શક્તિ સામાન્યરૂપ કાયમ રહે છે, તે પર્યાયમાં વિશેષરૂપે વ્યક્ત-પ્રગટરૂપ થાય જ છે—એવા ગુણ છે. છએ દ્રવ્યોમાં પોતપોતાના સાધારણ-સામાન્ય તથા અસાધારણ-વિશેષગુણ સમજવા જોઈએ. જ્ઞાનગુણ, ત્રિકાળ એવોને એવો રહે છે. નિગોદ અવસ્થામાં જ્ઞાનનો ઉઘાડ ખૂબ જ થોડો છે, માટે ત્યાં જ્ઞાનગુણ ઘણો પુષ્ટ અને કેવળજ્ઞાન પર્યાય પૂર્ણરૂપે પ્રગટ થઈ ગઈ, માટે ત્યાં અંદર ગુણની શક્તિ ઓછી થઈ ગઈ છે કારણ કે ગુણ પર્યાયમાં આવી ગયો છે—એમ નથી.

ચેતનદ્રવ્યના દરેક ગુણ ચેતન છે; અચેતનદ્રવ્યોના દરેક ગુણ અચેતન છે. બીજી અપેક્ષાએ આ વાત છે કે જીવદ્રવ્યમાં જ જ્ઞાન-દર્શનગુણ તે ચેતન છે અને તેના સિવાય અન્ય ગુણ અચેતન છે કારણ કે તેઓ સ્વ-પરને જાણતા નથી.

હવે કહે છે કે ગુણાભાસ વિશેષરૂપથી ઉત્પન્ન અને નષ્ટ થાય છે, ગુણ પર્યાયોમાં એકત્વ છે, તે જ દ્રવ્ય છે.

**सो वि विणस्सदि जायदि विसेसरूवेण सव्वदव्वेसु।**
**दव्वगुणपज्ज़याणं एयत्तं वत्थु परमत्थं ॥२४२॥**

**દેવામરીકુસુમસન્નિભ શાંતિનાથ કુંથોદયાગુણવિભૂષણભૂષિતાંગ,**
**દેવાધિદેવ ભગવન્નરતીર્થનાથ ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૭**

અર્થ :—સર્વ દ્રવ્યોમાં જે ગુણ છે તે પણ વિશેષરૂપથી ઊપજે–વિણસે છે. એ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયોનું એકપણું છે અને તે જ પરમાર્થભૂત વસ્તુ છે.

ભાવાર્થ :—ગુણનું સ્વરૂપ એવું નથી કે જે વસ્તુથી સર્વથા ભિન્ન જ હોય. ગુણ-ગુણીને કથંચિત્ અભેદપણું છે તેથી જે પર્યાય ઊપજે–વિણસે છે તે ગુણ–ગુણીનો વિકાર છે (વિશેષ આકાર છે). એટલા માટે ગુણને પણ ઊપજતા–વિણસતા કહીએ છીએ. એવું જ નિત્યાનિત્યાત્મક વસ્તુનું સ્વરૂપ છે. એ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયોની એકતા એ જ પરમાર્થભૂત વસ્તુ છે.

જગતમાં જીવાદિ પદાર્થ દ્રવ્યરૂપથી નિત્ય અને પર્યાય અપેક્ષાએ ક્ષણિક છે. દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય થવા છતાં ગુણમાં પણ ઉત્પાદ-વ્યય થાય છે. સ્વભાવપર્યાય હોય કે વિભાવપર્યાય, તેનો કાળ એકસમયનો જ છે; કોઈ પર્યાય બે સમય રહેતી નથી. પર્યાય અને દ્રવ્ય કથંચિત્ અભેદ છે. માટે પર્યાયનો ઉત્પાદ-વ્યય થવા છતાં દ્રવ્યનો પણ ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે કારણ કે દ્રવ્ય-ગુણ પણ કથંચિત પલટાય છે. પર્યાય અપેક્ષાથી દ્રવ્ય-ગુણ પણ ઉપજે-વિણસે છે—આ વાતને હવે કહે છે.

ગુણ અને પર્યાય, સર્વથા ભિન્ન નથી. પર્યાય ઉત્પન્ન થઈ અને ગુણ સર્વથા કૂટસ્થ રહે—એમ નથી. ગુણ પણ કથંચિત્ પરિણમિત થાય છે. પર્યાય વ્યક્ત થાય છે, તે સમયે પણ ગુણ શક્તિરૂપથી તો પૂર્ણ જ રહે છે. ગુણ સ્વયં વિશેષરૂપથી પર્યાયમાં વ્યક્તરૂપ થાય છે. રાગ થાય છે, તે ચારિત્રગુણની વ્યક્ત પર્યાય છે; તે કોઈ પરના કારણે થતી નથી. પર્યાયનો એક જ સમય હોય છે. જે જીવ ક્રમબદ્ધપર્યાયને નથી માનતો, તેણે સર્વજ્ઞને પણ માન્યો નથી. એક સમયની પર્યાયને જેણે પરાધીન માની છે તેણે વસ્તુને પણ પરાધીન માની છે; વસ્તુ જ દરેક સમયે પોતાની પર્યાયરૂપથી પરિણમિત થાય છે. સમ્યગ્દર્શનપર્યાયરૂપ અથવા મિથ્યાદર્શનપર્યાયરૂપ શ્રદ્ધાગુણ ઉત્પન્ન થાય છે. નિગોદનો જીવ, તીવ્ર મોહ પરિણામને કારણે ત્યાં રહ્યો છે, તે તેની પર્યાયનો ઉત્પાદ છે; કર્મને કારણે તે જીવ નિગોદદશામાં નથી રહ્યો. કર્મની પર્યાયમાં પુદ્ગલના દ્રવ્ય-ગુણ ઉપજે છે અને જીવની પર્યાયમાં જીવના દ્રવ્ય-ગુણ ઉપજે છે.

ગોમ્મટસારમાં કહ્યું છે કે 'भावकलंकसुपउरा' અર્થાત્ નિગોદના જીવ ભાવકલંકની પ્રચુરતાને કારણે નિગોદમાં રહે છે અને તે સ્વયં ભાવકલંકની મંદતારૂપ પરિણમવાથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**यन्मोहमल्लमदभंजन मल्लिनाथ क्षेमंकरावितथ शासन सुव्रताख्य,**
**यत्संपदा प्रशमितो नमिनामधेय त्वद्ध्यानतोस्तु सततं मम सुप्रभातं. ८**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૬, ગાથા - ૧૮)

## અત્યંત અપવિત્ર દેહની રુચિ છોડ અને પવિત્ર ભગવાન આત્માની રુચિ કર

પુદ્‌ગલના દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય પુદ્‌ગલ છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે તેના રંગ-ગંધ આદિ અને દુર્ગંધ-સુગંધ, લીલી-પીળી, સુંવાળી-ખરબચડી આદિ તેની પર્યાય છે, એ બધું જડ છે, એ તને સુખ ક્યાંથી આપશે? તને દગો દેશે હો! પછી મરવા ટાણે તારે પસ્તાવું પડશે કે આખી જિંદગી શરીરમાં મારાપણું કરીને તેની સારસંભાળમાં વ્યર્થ સમય ગુમાવ્યો પણ કાંઈ સુખ મળ્યું નહિ અને મારા આત્માનું મેં કાંઈ કર્યું નહિ. આવા પસ્તાવાના ટાણાં આવે તે પહેલાં ચેતી જા ભાઈ! ચેતી જા. એકવાર તું ચૈતન્યનો શેઠ થા! એમ અમારો તને આ ઈષ્ટ ઉપદેશ છે.

નાળિયેરીમાં ગંદુ પાણી નાખો તોપણ એ નાળિયેરમાંથી મીઠું પાણી મળે અને આ શરીરમાં ચોખ્ખું, મીઠું પાણી નાખો તોપણ એ પેશાબ થઈને નીકળે. મુસંબીના પાણી પાવ તોપણ તેનો પેશાબ તૈયાર થાય, આવા અપવિત્ર અને અનેક જાતના રોગ આદિના વિઘ્ન પેદા કરવાવાળા શરીરનો પણ મૂઢ જીવ પ્રેમ છોડતો નથી. શરીરને નવરાવવા, ખવરાવવા, પીવરાવવા, તૈયાર કરવાનું, સુવડાવવાનું આખા દિવસનું ટાઈમટેબલ મૂઢ ગોઠવી રાખે છે અને એને માટે પૈસા કમાવવામાં કાળ ગુમાવે છે. તેને જ્ઞાની કહે છે કે આવા અપવિત્ર શરીરના ભોગો માટે ઈચ્છા કરવી તે વ્યર્થ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે ભગવાન્! શરીર તો અપવિત્ર અને વિઘ્નકારી હોવાથી તેના ઉપર તો ધનથી ઉપકાર ન થાય. ધનથી મેળવેલી સારી વસ્તુને પણ શરીર અપવિત્ર બનાવી દે અને ધન ખર્ચી એક રોગ મટાડીએ ત્યાં બીજો થાય છે માટે ધનથી શરીર ઉપર તો ઉપકાર થતો નથી તે તમારી વાત સાચી છે પણ આત્મા ઉપર તો ધનથી ઉપકાર થાય ને! દાન આદિ દઈએ તેથી આત્માને તો લાભ થાય ને? જેમ ઉપવાસ આદિ તપશ્ચરણથી આત્માને લાભ થાય છે તેમ ધનથી પણ આત્માને ઉપકાર થાય ખરો ને? આમ શિષ્યનો પ્રશ્ન છે. તેને ગુરુ કહે છે કે જો ધનથી આત્માને ઉપકાર થાય એટલે કે દાન દેવાથી

આત્માને લાભ થતો હોય તો તો નિર્ધનને રોવું પડે અને ધનવાન ધર્મી થઈ જાય. પણ એમ બને જ નહિ.

આત્માનું ધ્યાન કરવાથી પણ આત્માને લાભ થાય ને ધનનું દાન કરવાથી પણ આત્માને લાભ થાય એમ માની પ્રશ્ન કરનાર શિષ્યને આચાર્યદેવ ઉત્તર આપતાં ૧૯મી ગાથા કહે છે :—

यज्जीवस्योपकाराय तद्देहस्यापकारकम् ।
यद्देहस्योपकाराय तज्जीवस्यापकारकम् ।।१९।।
જે આત્માને હિત કરે, તે તનને અપકાર,
કરે હિત જે દેહને, તે જીવને અપકાર. ૧૯.

જે આત્મા ઉપર ઉપકાર કરવાવાળા છે તે શરીર ઉપર અપકાર કરનારા છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ધ્યાન-તપ કરવાથી આત્માને ઉપકાર થાય અને તેનાથી જ શરીરનો અપકાર થાય છે. તપ આદિ કરવાથી શરીર ગળી જાય છે. વળી જે ચીજ શરીરનું અહિત કરનારી છે, ઉપકાર કરનારી છે એવી દાળ-ભાત-શાક-મીઠાઈ આદિ વસ્ત્ર-શણગાર આદિથી શરીરને ઉપકાર થાય છે ને તેનાથી આત્માને અપકાર થાય છે. ‘શરીરનો ઉપકાર તે આત્માનો અપકાર અને આત્માનો ઉપકાર તે શરીરનો અપકાર.’


અહીં નિમિત્તથી કથન ચાલે છે. ઉપવાસ નામ ઉપ એટલે નજીક અને વાસ એટલે રહેવું. આત્માની સમીપ વસવાથી આત્માને લાભ થાય અને તેનાથી શરીરનું બરાબર ધ્યાન ન રહે, ખોરાક ન મળે તેનાથી શરીરનું અહિત થાય. અને ધન આદિ શરીરના હિતમાં નિમિત્ત છે તે આત્માને અહિતમાં નિમિત્ત થાય છે. લક્ષ્મીથી શરીરને હિતકર એવા ભોજનની સમગ્રી મળે, રોગનો ઉપચાર થાય, શરીરને શોભાવે એવા શૃંગાર થાય તેનાથી શરીરને લક્ષ્મીથી ઉપકાર થાય પણ આત્માને એ ધન મેળવવામાં અને ભોગ ભોગવવામાં જે રાગ અને તૃષ્ણા થાય તેનાથી અપકાર થાય છે. લક્ષ્મી રળવામાં પણ આત્માને પાપ થાય છે, તેનાથી ભોગ ભોગવવામાં પણ પાપ થાય છે અને દાનાદિમાં વાપરવામાં પણ મારાપણાની અહંબુદ્ધિથી મિથ્યાત્વ પુષ્ટ થાય છે. તેથી ધન આત્માને ઉપકારમાં નહિ પણ અપકારમાં નિમિત્ત થાય છે. શરીરને ભલે લક્ષ્મીથી લાભ થાય પણ આત્માને તો લક્ષ્મીના નિમિત્તે નુકસાન જ છે. લક્ષ્મીથી આત્માને જરા પણ લાભ ન થાય.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

પ્રાલેયનીલહરિતારુણપીતભાસં યન્મૂર્તિમવ્યય સુખાવસથં મુનીંદ્રાઃ
ધ્યાયંતિ સપ્તતિશતં જિનવલ્લભાનાં ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૧૦




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## તિર્યંચનાં વિશેષ દુઃખ અને કુમરણ

ભૂતકાળનો અનંતકાળ જીવે દુઃખમાં જ ગાળ્યો છે, મોક્ષસુખ કદી પામ્યો નથી; જો મોક્ષસુખ એકવાર પામે તો ફરી સંસારમાં અવતાર રહે નહિ. ધર્મના આરાધક જીવને કદાચિત રાગને કારણે એકાદ બે અવતાર હોય તો તે ઉત્તમ અવતાર જ હોય છે; સમ્યગ્દષ્ટિને હલકા અવતાર હોતા નથી. તિર્યંચ–નરક વગેરે હલકા અવતારનું આયુષ્ય મિથ્યાદષ્ટિ જ બાંધે છે. જીવતા રાજકુમારને લોઢા ગાળવાની ભઠ્ઠીમાં ફેંકે ને તેને જે દુઃખ થાય એવા દુઃખ અજ્ઞાનને લીધે તિર્યંચગતિમાં જીવે અનંતવાર વેઠ્યા છે. કાં તો પોતે ક્રૂર પાપી થઈને બીજાને માર્યા એટલે નરકમાં ગયો, અથવા બીજાએ ક્રૂરપણે તેને માર્યો ત્યારે તીવ્ર ક્રોધાદિ સંક્લેશથી મરીને પોતે નરકમાં ગયો. નરક એટલે તો દુઃખનો દરિયો. એના દુઃખની શી વાત!

એકવાર ઘાતકી માણસો એક ઘેટાને આખા શરીરમાં સોંસરવો લોઢાનો ધગધગતો સળિયો પરોવીને આખેઆખું સેકતા હતા. કેટલી ક્રૂરતા! અને એ ઘેટાનેય એ વખતે કેવી પીડા થતી હશે! દેહ સિવાય બીજું તો કાંઈ એને ભાસ્યું નથી. આવી પીડા ભોગવી ભોગવીને અનંતવાર કુમરણ કર્યા. બીજા જીવો આવા દુઃખો ભોગવે છે તેમ તું પણ આવા દુઃખો અનંતવાર અજ્ઞાનીપણે ભોગવી ચૂક્યો છો. માટે તેનાથી છૂટવા સાચું જ્ઞાન કર. જ્ઞાનીને તો આનંદની લહેર છે. 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને તો આનંદની લહેર જો.' સુખનો દરિયો જ્યાં પોતામાં જ ઉલ્લસતો દેખ્યો ત્યાં દુઃખ કેવું? ને કુમરણ કેવા? અને જ્યાં દેહથી ભિન્ન ચૈતન્યનું ભેદજ્ઞાન નથી ત્યાં તો દુઃખ અને કુમરણ જ છે. ભેદજ્ઞાન વગર સમાધિમરણ કે સુખ હોય નહિ. પોતે અજ્ઞાનથી કેવા ભયંકર દુઃખ સહન કર્યા તે જાણે. અને સ્વભાવના પરમ સુખને જાણે, તો જીવ દુઃખનાં કારણોને છોડીને સુખનો ઉપાય કરે; અને ફરીથી તેને નરકાદિનાં દુઃખ રહે નહિ, સાદિ-અનંતકાળ સુખધામમાં બિરાજે. અરે જીવ! તને દુઃખ ગમતું નથી તો તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવને તું કેમ છોડતો નથી? અને તને સુખ વહાલું લાગે છે તો તે સુખના કારણરૂપ સમ્યક્ત્વાદિ ભાવને કેમ સેવતો નથી? દુઃખ તો કોને

સુપ્રભાતં સુનક્ષત્રં માંગલ્યં પરિકીર્તિતં,
ચતુર્વિંશતિ તીર્થાનાં સુપ્રભાતં દિનેદિને. ૧૧

ગમે?—કોઈને ન ગમે; પણ પોતે જ્યાં સુધી દુઃખના કારણનું સેવન ન છોડે ત્યાં સુધી દુઃખ મટે નહિ. પોતામાં આનંદનો સમુદ્ર ભર્યો છે, પણ પોતાની સામે જીવ જોતો નથી તેથી તેને પોતાનો આનંદ અનુભવમાં આવતો નથી, ને બાહ્યદષ્ટિથી દુઃખને જ વેદી રહ્યો છે. તે દુઃખોમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચપણામાં કેવા કેવા દુઃખ ભોગવ્યા તે બતાવ્યું. હવે નરકગતિનાં દુઃખોનું વર્ણન કરશે.

## નરકગતિનાં દુઃખોનું વર્ણન

જગતમાં અનંત જીવ છે; તે જીવને દુઃખ છે—એમ બતાવીને તેના નાશનો ઉપાય બતાવવો છે. પ્રથમ દુઃખ કેવું છે ને તે દુઃખનું કારણ શું છે? તે બતાવે છે; તેમાં તિર્યંચગતિનાં દુઃખો બતાવ્યાં, હવે ચાર ગાથા દ્વારા નરકગતિનાં દુઃખનું કથન કરે છેઃ—

(ગાથા—૯)

तहां भूमि परसत दुख इसो, बिच्छू सहस डसे नहि तिसो ।

तहां राध-श्रोणितवाहिनी कृमिकुलकलित देहदाहिनी ।।९।।




પંચેન્દ્રિય થઈને પણ જે તિર્યંચો કે મનુષ્યો તીવ્ર પાપ કરે છે તે નરકમાં જઈને પડે છે. નરકમાં ઉત્પત્તિના સ્થાનરૂપ ઊંધા મુખવાળા બીલ છે તેમાં ઊપજીને નારકી જીવ ઊંધા માથે નીચે પટકાય છે,—પડતાવેંત છરા જેવી કર્કશ જમીનના આઘાતથી મહાદુઃખ પામીને પાછો એકદમ ઊછળે છે, ને ફરી પાછો જમીનમાં ભાલાં ને છરા જેવા તીવ્ર શસ્ત્રો ઉપર પડે છે. આમ થવાથી તેનું આખું શરીર છિન્નભિન્ન થઈ જાય છે ને તે મહા દુઃખ પામે છે. ઉપજતાવેંત એવી અસહ્ય પીડા તે ભોગવે છે કે જાણે દુઃખના દરિયામાં પડ્યો. એ આકરાં વેદનની શી વાત! ત્યાંની જમીન જ એવી છે કે જેનો સ્પર્શ થતાં પણ હજારો વીંછીના ડંખ જેવી પીડા થાય. કાળોતરો વીંછી કે જે કરડતાંવેંત અહીંના માણસો તો મરી જાય, એવા હજારો વીંછી એકસાથે ડંખ મારે ને જે પીડા થાય તેનાથીયે વધુ આકરી પીડા નરકમાં જમીનના સ્પર્શમાત્રથી થાય છે. જમીનને અડે ત્યાં તો જાણે ઝેરી વીંછી કરડતા હોય એવી

સુપ્રભાતં સુનક્ષત્રં શ્રેયઃ પ્રત્યભિનંદિતં,
દેવતા ઋષયઃ સિદ્ધાઃ સુપ્રભાતં દિને દિને. ૧૨

પીડા દેહમાં થાય. જ્યાં જમીન જ એવી કર્કશ, ત્યાં છૂટીને બીજે જાય ક્યાં? નરકની ભૂમિ એવી દુર્ગંધમય છે કે, તેનો એક કણીયો અહીં મૂકે તો તેની દુર્ગંધથી કેટલાય ગાઉના માણસો મરી જાય. ત્યાં લોહી–પરુથી ભરી હોય એવી દુર્ગંધી વૈતરણી નદી દેખીને, ભ્રમથી પાણીની આશાએ તેમાં પડે ત્યાં તો તેની પીડા ઊલટી વધી જાય છે, તે વૈતરણી નદી અત્યંત બળતરા ઉત્પન્ન કરનારી છે. જાણે ખદબદતા કીડા ભર્યા હોય એવી દુર્ગંધી તે નદી છે. ખરેખર તે નદી નથી પણ નારકી વગેરે તેવી વિક્રિયા કરે છે; બીજો નારકી પાણી સમજીને તેમાં પડે છે ને મહાદુ:ખ પામે છે. નરકભૂમિમાં કાંઈ કીડા-વીંછી વગેરે વિકલેન્દ્રિય જીવો હોતા નથી. સર્પ વગેરે પણ નથી હોતા, પરંતુ બીજા નારકી વગેરે વિક્રિયાથી તેવો દેખાવ કરે છે. તાંબાના લાલચોળ ધગધગતા રસમાં કોઈને ફેંકે ને તેને જે દુ:ખ થાય તેનાથી વધુ પીડા વૈતરણીમાં પડીને નારકી જીવ પામે છે. લોકોમાં એમ બોલાય છે કે અહીં ગાયનું દાન દીધું હોય તો નરકમાં તે ગાયનું પૂંછડું ઝાલીને વૈતરણીને તરી જવાય.—એ તો તદ્દન વિપરીત ભ્રમણા છે. અહીં ગાય આપી તે ગાય નરકમાં ક્યાંથી પહોંચી ગઈ? અને તેનું દાન આપનાર નરકમાં જાય ને ત્યાં ગાયનું પૂંછડું ઝાલીને વૈતરણી પાર કરે;–તો પછી એના કરતાં નરકમાં જવું જ ન પડે એવું કરને. ભાઈ! આત્માનું ભાન કરતાં નરકગતિનાં મૂળિયાં છેદાઈ જાય છે.

માંસ–માછલાં–ઈંડાં વગેરે ખાય, શિકાર કરે, મહાપાપો કરે એવા પાપી જીવો મરીને નરકમાં જાય છે ને આકરાં દુ:ખ વેદે છે. મરીને પણ એનાથી છૂટવા માંગે પણ આયુસ્થિતિ પૂરી થયા પહેલાં છૂટી ન શકે. ઊંધા ભાવે જે સ્થિતિ નાંખી તેનું ફળ ભોગવ્યે છૂટકો. શરીરના લાખો કટકા થઈને વેરણછેરણ થઈ જાય છતાં મરે નહિ, પારાની જેમ પાછા ભેગા થાય.

—આવા જે દુ:ખો તેનું કારણ મિથ્યાત્વ છે એમ જાણીને તેનું સેવન છોડ...ને સુખનું કારણ સમ્યક્ત્વાદિ છે—એમ જાણીને તેનું સેવન કર.

આત્મા અનાદિ અનંત છે. તેણે અત્યાર સુધીનો કાળ શેમાં ગાળ્યો? મોક્ષ તો પામ્યો નથી, જો મોક્ષ પામ્યો હોય તો સિદ્ધાલયમાં હોય, આવા અવતારમાં ન હોય. મોક્ષ પામેલ આત્મા સંસારમાં ફરીથી અવતાર ધારણ કરતા નથી. એટલે અત્યાર સુધી જીવે સંસારની ચાર ગતિમાં દુ:ખ ભોગવવામાં જ કાળ ગુમાવ્યો છે. એ કાળ કેવા કેવા સ્થાનોમાં (કેવી કેવી પર્યાયોમાં) ગુમાવ્યો—તેની આ કથા છે.

આ પૃથ્વીની નીચે નરકના સ્થાનો છે, અસંખ્ય જીવો તેમાં ઘોર દુ:ખ ભોગવી રહ્યા

સુપ્રભાતં તવૈકસ્ય વૃષભસ્ય મહાત્મન:,
યેન પ્રવર્તિતં તીર્થં ભવ્યસત્ત્વ સુખાવહં. ૧૩

છે. એ બધું કાંઈ કલ્પના નથી પણ સત્ છે, સર્વજ્ઞ ભગવાને જોયેલું છે. લાખો–કરોડો જીવોનો સંહાર કરી નાંખવાના જે ક્રૂર–નિર્દય–ઘાતકી પરિણામ, તેનું ફળ ભોગવવાનું સ્થાન આ મનુષ્યલોકમાં નથી, અહીં તો બહુબહુ તો એકવાર તેને ફાંસી આપે અરે, સેંકડો માણસોને ગોળીએ વીંધી દેનારા ક્રૂર બહારવટીયા વગેરે પકડાતા નથી, કોઈવાર પકડાય તો કોર્ટમાં નિર્દોષ ઠરીને પણ છૂટી જાય છે; તો શું તેના પાપનું ફળ તેને નહિ મળે? અરે, નરકમાં એ પાપના ફળથી અબજો–અસંખ્ય વર્ષો સુધી મહા દુઃખ પામશે. જગતમાં પુણ્ય અને પાપ કરનારા જીવો છે, તેમ તેના ફળરૂપ સ્વર્ગ અને નરક પણ છે.

કેટલાક જીવો સ્થૂળબુદ્ધિથી એમ માને છે કે અહીં દુર્ગંધી વિષ્ટા વિગેરેમાં જે કીડા ઊપજે તે જ નરક છે; બીજી કોઈ નરક નથી,—એમ તેઓ કહે છે પણ તે સાચું નથી. આ પૃથ્વીની નીચે સાત નરકનાં સ્થાનો છે ને તેમાં અસંખ્ય જીવો નારકીપણે અત્યારે પણ મહાદુઃખ વેદી રહ્યા છે. તે નારકી જીવો તો પંચેન્દ્રિય છે, ને વિષ્ટાના કીડા વગેરે તો વિકલેન્દ્રિય તિર્યંચ છે, તે કાંઈ નારકી નથી. તે વિષ્ટાના કીડા વગેરે જીવો તો નારકી કરતાં પણ ઘણા વધારે દુઃખી છે, બહારમાં પ્રતિકૂળ સંયોગો કદાચ થોડા દેખાય, પણ અંદર દુઃખની તીવ્રતાથી તે મૂર્છાઈ ગયા છે, એટલે સંયોગદૃષ્ટિથી જોનારને તેના દુઃખની તીવ્રતા દેખાતી નથી. નારકી તો પંચેન્દ્રિય છે, તેનામાં તો ઉપદેશ સાંભળવાનીયે યોગ્યતા છે ને તેનું ગ્રહણ પણ કરી શકે છે; અરે, કોઈ જીવ ત્યાં સમ્યગ્દર્શન પણ પામી જાય છે. સાતમી નરકમાં પણ અસંખ્ય જીવો (ત્યાં ગયા પછી) સમ્યગ્દર્શન પામ્યા છે. જ્યારે વિષ્ટાના કીડા વગેરે તો બેઈન્દ્રિય છે, તે તો ચેતનાશક્તિ અત્યંત હારી ગયા છે, તેનું જ્ઞાન એટલું હીણું થઈ ગયું છે કે 'તું આત્મા છો' એવા શબ્દ સાંભળવાનીયે શક્તિ તેનામાં નથી રહી; ઉપદેશગ્રહણ કરવાની શક્તિ જ ગુમાવી બેઠા છે; જ્ઞાનચેતનાને હારીને બેભાનપણે એકલું મહાન દુઃખ જ વેદી રહ્યા છે, તેને એટલું દુઃખ છે કે ગમે તેટલા પ્રતિકૂળ સંયોગથી પણ તેનું માપ ન થઈ શકે. એકલી બાહ્યસામગ્રી ઉપરથી ધર્મનું કે દુઃખનું માપ થઈ શકતું નથી.

આત્માનો અનંત આનંદસ્વભાવ છે. તે આનંદસ્વભાવની વિરાધના કરીને જેટલી ઊંધાઈ કરી તેટલું અનંતુ દુઃખ જીવ ભોગવે છે. આનંદસ્વભાવને આરાધીને સિદ્ધ ભગવંતો અનંતુ સુખ ભોગવે છે; ને એની વિરાધના કરીને રાગમાં સુખ માનનાર મિથ્યાદૃષ્ટિ જીવો સંસારમાં અનંતુ દુઃખ ભોગવે છે. જ્યાં રાગનો એક શુભ વિકલ્પ ઊઠે તે પણ ચૈતન્યના આનંદની વિરુદ્ધ છે–દુઃખદાયક છે, તોપછી દેહબુદ્ધિથી તીવ્ર હિંસાદિ પાપો કરનારના દુઃખની

સુપ્રભાતં જિનેન્દ્રાણાં જ્ઞાનોન્મીલિતચક્ષુષાં,
અજ્ઞાનતિમિરાંધાનાં નિત્યમસ્તમિતોરવિઃ ૧૪

તો શી વાત કરવી? માંસભક્ષણ, શિકાર વગેરે તીવ્ર મહાપાપો કરનારા જીવો નરકમાં જાય છે; અહીં તો હજી મખમલના સુંવાળા ગાદલામાં શરીર પડ્યું હોય, ને તે જીવ તો નરકમાં ઊપજીને ત્યાં હજારો વીંછીના ડંખ કરતાંય તીવ્ર દુઃખ ભોગવતો હોય, એના શરીરના કટકે કટકા થઈ જતા હોય. પૂર્વે જેટલી પાપરૂપી કિંમત ભરી છે તેટલું દુઃખ નરકમાં ભોગવે છે. આ જીવ પોતે અનંતવાર આવા દુઃખો ભોગવી આવ્યો છે. તેનાથી છૂટવાનો હવે આ અવસર છે. આ દુઃખો એટલા માટે વર્ણવે છે કે તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને જીવ છોડે. (ક્રમશઃ) ✻

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

સત્ ચિદાનંદ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવાથી આત્માને લાભ થાય છે, ધનથી આત્માને લાભ ન થાય, શરીરને જે લાભમાં નિમિત્ત છે તે આત્માને નુકસાનમાં નિમિત્ત છે. અને આત્માને જે લાભમાં નિમિત્ત છે, તે શરીરને નુકસાનમાં નિમિત્ત છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ધ્યાન કરવાથી આત્માને લાભ થાય પણ આત્માનું ધ્યાન કરવાથી શરીરનું ધ્યાન રહેતું નથી; શરીરની દરકાર રહેતી નથી. તેથી શરીરને અપકારમાં નિમિત્ત થાય છે. શરીરમાં તો ધ્યાન રાખો કે ન રાખો જેમ થવાનું હોય તેમ જ થાય પણ દરકાર ન રાખી હોય અને શરીરમાં પ્રતિકૂળતા આવે એટલે બેદરકારી અહિતમાં નિમિત્ત કહેવાય.

ભાઈ ! અવિનાશી ચીજની-તારી પોતાની ચીજની તને રુચિ નહિ અને નાશવાન ચીજની રુચિમાં તું રોકાઈ ગયો છો તેથી તારી શરીર આદિ પ્રત્યેની રુચિ અમારે છોડાવવી છે. તે માટે આ ઈષ્ટ ઉપદેશ છે. (ક્રમશઃ) ✻

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (વૈરાગ્ય-ભાવના)

ત્યાંથી નિકળીને મનુષ્ય આદિ થાય છે. તે જીવ જડકર્મના કારણે નિગોદમાં રહે છે—એમ નથી. અન્ય વસ્તુ નિમિત્ત છે પરંતુ તે નિમિત્તનો ઉત્પાદ નિમિત્તમાં છે અને જીવનો ઉત્પાદ જીવમાં છે. દરેક પર્યાયની સ્વતંત્રતા છે, જો આ વાતને ન માનીને પર્યાયને પરાધીન જ માને તો સ્વભાવનો પુરુષાર્થ શેમાં કરશે? કાર્ય તો પર્યાયમાં થાય છે, તે પર્યાય જ જેણે પરના કારણે માની છે તેને પર્યાયને સ્વભાવસન્મુખ લાવીને, સ્વભાવની પ્રતીતિ કરવાનો અવસર જ ક્યાં રહ્યો? (ક્રમશઃ) ✻

---

(અનુસંધાન પેજ નં. ૨૮ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

એક આત્મા કેમ ઓળખાય? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે. એમ મહિમા—નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય. તો રાગ-દ્વેષ છૂટે.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

હવે ગુરુની ભક્તિ કહે છે. નિર્ગ્રંથ ગુરુ તે ગુરુ છે. છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા હોય છે. આત્માનો અંતર અનુભવ લેતા મુનિઓ વનવાસી હોય છે. મહાન વીતરાગ દશાવાળા હોય છે. તેવા સંતોને દેખી ધર્માત્માને બહુમાન આવ્યા વિના રહેતું નથી. કેવા છે ગુરુ? તેઓ મોક્ષમાર્ગ ઉપદેશે છે. જે ભાવથી બંધન થાય તે ભાવને અશુદ્ધપણે જણાવે. પૂર્ણાનંદ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા કર એવો જ ઉપદેશ ગુરુ કરે. રાગથી ધર્મ મનાવે ને શરીરની ક્રિયાથી ધર્મ મનાવે તે ગુરુ નથી. તે તો મિથ્યાદૃષ્ટિ છે. સાચા ગુરુ કહે છે કે આત્મા પરમાનંદની મૂર્તિ છે. અનંતા ગુણોનો પિંડ છે. એક સમયનો વિકાર છે. વિકાર અને નિમિત્તથી હિતમાનરૂપ બુદ્ધિ છોડાવી સ્વભાવ બુદ્ધિ કરાવે, સ્થિરતા કરાવે તે ગુરુ કહેવાય છે. વળી તેઓ ઉપશમ રસમાં ઝૂલી રહ્યા છે. ત્રણ કષાય ટળી ગયા છે, આત્મ-રમણતા વધી ગઈ છે. જેમ ડુંગરામાંથી પાણીના ઝરણાં વહે છે. તેમ ઉપશમરૂપ રસકંદરૂપ આત્મામાંથી અકષાયી પરિણતિ વહે છે. એવા મુનિ શાંત અકષાયી મુદ્રાધારી છે. જેની મુદ્રા જ શાંત દેખાય છે, એવા ભાવલિંગી મુનિની ધર્મીજીવ ભક્તિ કરે. મુનિને પરમેષ્ઠીપદ છે. બાર અંગ અને ચૌદ પૂર્વના ધરનાર ધર્મવજીર ગણધરભગવાન પણ નમસ્કાર મંત્રમાં કહે છે કે "નમો લોએ સવ્વ સાહૂણં" હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર હો, એમ મુનિની દશા અક્રિય બિંબરૂપ છે. મુનિની મુદ્રાની વાત છે જાણે કે સિદ્ધ ઉપરથી ઊતર્યા હોય, તેવી મુનિની વીતરાગી અક્રિય દશા છે. ધર્મી જીવ આવા મુનિને તરણ તારણ સ્વીકારે છે. તેમની મુદ્રા એવી શાંત છે કે વચન બોલ્યા વિના મોક્ષમાર્ગ દર્શાવે છે. તે મુનિ ૨૮ મૂળગુણનું પાલન કરે છે, તેમને નગ્નદશા હોય છે. મારા માટે આહાર બનાવેલ હશે એવી શંકા મુનિને પડે તો આહારનો વિકલ્પ તોડી નાખે. આવા મુનિ મુક્તિનું નિમિત્તકારણ છે. ધર્મી જીવ જાણે છે કે મારો શુદ્ધ આત્મા ઉપાદાનકારણ છે, તેમાં મુનિ નિમિત્તકારણ છે. ધર્મી જીવ તેવા મુનિની ભક્તિ કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ માટે ધર્મીને એવો પ્રેમ ઊછળી જાય છે કે "કઈ વિધિએ પૂજું ને

સુપ્રભાતં જિનેંદ્રસ્ય વીરઃ કમલલોચનઃ,
યેન કર્માટવી દગ્ધા શુક્લધ્યાનોગ્રવહ્નિના. ૧૫

કઈ વિધિએ આદર કરું,'' એવો ઉલ્લાસ આવી જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની તેવી ભક્તિ સાધક છે ને મનમાં અસ્થિરતા ટાળવી ને સ્થિરતા કરવી તે સાધ્ય છે. અહીં શુભ પરિણામની વાત છે. ધર્મી જાણે છે કે આ શુભ વિકાર છે. બંધનું કારણ છે, અશુભ ટાળી શુભભાવ આવ્યા વિના રહેતો નથી.

(૭) શુભ ઉપયોગ સાધક છે ને પરંપરા મોક્ષ સાધ્ય છે. આત્મામાં કષાય મંદતાના પરિણામ થાય, તેને શુભ ઉપયોગ કહે છે, તેના ત્રણ ભેદો છે—

(અ) ક્રિયારૂપ :—દયાનો ભાવ, બ્રહ્મચર્યનો ભાવ, પરિગ્રહ-રહિતનો ભાવ વગેરે પંચ મહાવ્રતનો ભાવ, અચેલપણે રહેવાનો ભાવ, તે ક્રિયા છે, આત્મદૃષ્ટિ થઈ છે તેને દયા, વિનય, ભક્તિ વગેરેના શુભભાવ થાય તે ક્રિયા છે. વીતરાગદેવે જે રીતે શુભની ક્રિયા વર્ણવી છે તે ક્રિયારૂપ પરિણામ શુભ ઉપયોગ છે. ને તે પરંપરા કારણ કહેવાય છે કારણ કે આવા રાગનો અભાવ કરીને મોક્ષદશાને પ્રાપ્ત કરશે.

(બ) ભક્તિરૂપ :—દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી તે શુભ ઉપયોગ છે. સંસારનો રાગ અશુભ ઉપયોગ છે. તે બંને રહિત આત્માના આશ્રયે થતાં પરિણામને શુદ્ધ ઉપયોગ કહે છે ને તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. શુભ ઉપયોગ મોક્ષનું પરંપરા કારણ છે.

(ક) ગુણ-ગુણી ભેદ વિચારરૂપ :—હું આત્મા ગુણી છું, મારામાં અનંતા ગુણો છે, મારી શિવરૂપી લક્ષ્મીનો હું સ્વામી છું. અસંખ્ય પ્રદેશ મારું ક્ષેત્ર છે, ચેતના મારી રાણી છે—એમ ગુણગુણીના ભેદનો વિચાર કરવો તે પુણ્યબંધનું કારણ છે.

આમ ત્રણ ભેદો સાતિશય છે તે ત્રણ નિરતિશય ભેદ સહિત છ પ્રકારે છે. સમ્યક્ત્વ સહિત છે તે સાતિશય છે. ધર્મીને (૧) ક્રિયારૂપ, (૨) ભક્તિરૂપ અને (૩) ગુણગુણી ભેદ વિચારરૂપ શુભભાવ સાતિશય પુણ્યનું કારણ છે. તે વિકલ્પ તૂટીને વીતરાગતા થશે, માટે તેને સાતિશય કહે છે. હું ચિદાનંદ છું, સાક્ષી છું, જગતનો જ્ઞાતા છું, રાગમાં મારો પ્રવેશ નથી ને મારામાં રાગનો પ્રવેશ નથી. એમ માનનાર જીવને પુણ્યાનુબંધી પુણ્ય થાય છે. જેને આત્માનું જ્ઞાન નથી, તે ક્રિયામાં કે ગુણગુણી ભેદના વિચારમાં ધર્મ માને છે, તે નિરતિશય ભેદ સહિત છે, તેને પુણ્ય બંધાય છે, પણ ધર્મ થતો નથી, મિથ્યાદૃષ્ટિને ગુણગુણી ભેદનો વિચાર આવે છે પણ તેમાં ધર્મ માનીને અટકી જાય છે.

(ક્રમશઃ)

*

| | |
|---|---|
| સુપ્રભાતં સુનક્ષત્રં સુકલ્યાણં સુમંગલં,<br>ત્રૈલોક્યહિતકર્તૄણાં જિનાનામેવ શાસનં. ૧૬ | સુપ્રભાત-સ્તોત્ર<br>સમાપ્ત |



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૧૨) બોધિદુર્લભ–અનુપ્રેક્ષા

સંસારમાં સંસરતા કર્મસંયુક્ત જીવને દર્શન-શ્રુત-તપ-ચરણ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ ધર્મમાં, બોધિ થવી એટલે કે તેની અખંડ આરાધના થવી તે દુર્લભ છે. (૧૮૭૩)

અનંત સંસારમાં જીવોને પ્રથમ તો મનુષ્યપણું દુર્લભ છે; જેમ લવણસમુદ્રના એક છેડે નાખેલ ગાડાનું ધોંસરું અને બીજા છેડે નાખેલ તે ધોંસરાના સંબેલ, તે બંનેનું મિલન થવું દુર્લભ છે, તેમ મનુષ્યપણું દુર્લભ જાણવું. (૧૮૭૪)

ઘણા મોટા આ લોકમાં મનુષ્યોનું સ્થાન અતિ અલ્પ છે (અસંખ્યાતમાં જ ભાગનું છે); જીવોને અશુભપરિણામોની બહુલતા છે (મનુષ્ય થવાયોગ્ય શુભપરિણામ ઘણા જ થોડા છે); તથા ઘણા યોનિસ્થાનોમાંથી મનુષ્યોને યોગ્ય યોનિસ્થાનો બહુ થોડા છે; આથી મનુષ્યપણું દુર્લભ છે. (૧૮૭૫)

અને એવું દુર્લભ મનુષ્યપણું પામીને પણ ધર્મને યોગ્ય દેશ, કુળ, પંચેન્દ્રિયથી પૂર્ણ રૂપ, આરોગ્ય, દીર્ઘાયુ, બુદ્ધિ, ધર્મનું શ્રવણ તથા ગ્રહણ જીવને સુલભ નથી. (૧૮૭૬)

અને વળી તે બધું પામીને પણ જિનશાસનમાં કહેલી બોધિ અર્થાત્ રત્નત્રયપ્રાપ્તિ જીવને સુલભ નથી; કેમકે લોકોનો મોટો ભાગ રાગ-દ્વેષની તીવ્રતાવાળા કુમાર્ગમાં લાગેલો છે. (૧૮૭૭)

આવો અતિ દુર્લભ બોધિરૂપ રત્નત્રયને કોઈપણ પ્રકારે પ્રયત્નથી પામીને પણ પાછો પ્રમાદી થઈને જે જીવ તેનાથી ભ્રષ્ટ થાય છે તે, ઘણા કષ્ટપૂર્વક રત્નગિરિના શિખર પર ચઢીને ત્યાંથી નીચે પડતું મુકે છે. (૧૮૭૮)

જેમ અંધકારમાં સમુદ્ર વચ્ચે પડી ગયેલું રત્ન ફરી હાથમાં આવવું મુશ્કેલ છે તેમ છૂટી ગયેલી બોધિ સંસારભ્રમણમાં ફરી પ્રાપ્ત થવી જીવને સુલભ નથી. (૧૮૭૯)

જિનવરદેવે ઉપદેશેલા ધર્મમાં જે પ્રતિબુદ્ધ થાય છે તે જીવ ધન્ય છે; તેમજ તેમાં બુદ્ધિ લગાવીને ભાવપૂર્વક તે ધર્મને જે અંગીકાર કરે છે તે પણ ધન્ય છે. (૧૮૮૦)

(ઇતિ બોધિદુર્લભ ભાવના)

આ રીતે કહેવામાં આવેલી આ બાર વૈરાગ્ય-અનુપ્રેક્ષાઓ ધર્મધ્યાનનું આલંબન છે; તેનું આલંબન લઈ ધ્યાન કરનાર મુનિ ધ્યાનથી ચ્યુત થતા નથી. (ભગવતી આરાધનાની બાર અનુપ્રેક્ષા પૂર્ણ થઈ.)

# આનંદમાં રહેવું

ધર્માત્મા કહે છે કે 'આનંદમાં રહેવું.'

અહા! કેટલું સુંદર વચનામૃત! દેહમાં ગમે તેવું દર્દ હોય, બહારની ગમે તેવી પ્રતિકૂળતા હોય, મરણ-સમયની વેદનાથી શરીર ભીંસાતું હોય, છતાં તે વખતેય, ધર્માત્મા કહે છે કે 'આનંદમાં રહેવું.'

એનો અર્થ એ થાય છે કે, જે વખતે દેહમાં દર્દ છે તે જ વખતે આત્મામાં આનંદસ્વભાવ છે, તેનું લક્ષ કરતાં આનંદનું વેદન થાય છે. તે લક્ષ કરાવીને ધર્માત્મા કહે છે કે હે જીવ! આ દેહની વેદનાના વેદનમાં ન રહેવું પણ આનંદના વેદન તરફ વળવું. દેહાતીત અતીન્દ્રિય આનંદના વેદન પાસે દેહની વેદના તો ક્યાંય ગૂમ થઈ જશે.

દેહથી ભિન્ન ચૈતન્યના વેદનમાં અમે નિઃશંક છીએ. અમારા અતીન્દ્રિય આનંદને અમે મેળવી લીધો છે એટલે અમે તો આનંદમાં છીએ. અમને હવે મૃત્યુનો કે વેદનાનો ભય ન હોય. તમે પણ દેહનું લક્ષ છોડીને આત્માના આનંદને લક્ષમાં લ્યો.

આત્મામાં આનંદની સ્ફૂરણા થતાં દુનિયાનાં બધાય દુઃખ ભૂલાઈ જાય છે. આનંદમાં દુઃખનો પ્રવેશ નથી. માટે – 'આનંદમાં રહેવું.'



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે એટલે પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટશે એટલે હવે કરવાનું શું રહે છે?**

ઉત્તર :—વ્યવસ્થિત પર્યાય છે એમ જાણ્યું ક્યાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે તો તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટે છે એવા દ્રવ્યસામાન્ય ઉપર જ એને દૃષ્ટિ કરવાની છે. સામાન્ય ઉપરની દૃષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સામે જોવાનું નથી.

**પ્રશ્ન :—બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી તેને પુરુષાર્થ કરવાનો રહેતો નથી.**

ઉત્તર :—જેને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી તેને વ્યવસ્થિત બેઠું છે જ ક્યાં?

**પ્રશ્ન :—તેને વ્યવસ્થિત બેઠું નથી એવું તેનું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિતનો નિર્ણય ન કરી શકે તેવું તેનું પરિણમન વ્યવસ્થિત જ છે તો પછી તેને નિર્ણય કર તેમ કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :—એનું પરિણમન વ્યવસ્થિત જ છે એમ તેને ક્યાં ખબર છે? વ્યવસ્થિત પરિણમન છે તેમ સર્વજ્ઞે કહ્યું પણ સર્વજ્ઞનો તેને ક્યાં નિર્ણય છે? પહેલાં એ સર્વજ્ઞનો તો નિર્ણય કરે? પછી વ્યવસ્થિતની ખબર પડે.

**પ્રશ્ન :—વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે એમ ભગવાને કહેલું તેને બેઠું છે?**

ઉત્તર :—ના. સર્વજ્ઞ ભગવાનનો પણ ખરો નિર્ણય તેને ક્યાં છે? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય આવ્યા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો? એમ ને એમ જ્ઞાનીની વાતો ધારી ધારીને કરે તે ન ચાલે. પહેલાં સર્વજ્ઞનો નિર્ણય લાવ. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞનો નિર્ણય ખરેખર થાય નહિ.

**પ્રશ્ન :—ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?**

ઉત્તર :—કરવું છે ક્યાં? કરવામાં તો કર્તૃત્વબુદ્ધિ આવે છે, કરવાની બુદ્ધિ છૂટી

જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે. રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું—લાવું એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધપર્યાય તેને કરવાનો વિકલ્પ શું? રાગનું કર્તૃત્વ અને શુદ્ધપર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ, અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

પ્રશ્ન :—શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન પ્રગટાવવાની ઉતાવળ થતી નથી?

ઉત્તર :—શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન પ્રગટ થવાનું જ છે તેથી ઉતાવળ-અધીરજ થતી નથી. તે જાણે છે કે ક્રમબદ્ધ પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થવાના કાળે પ્રગટ થવાનું જ છે તેથી ઉતાવળ કે અધીરજ થતી નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું હોવાથી વીતરાગતા છે. પૂર્ણ સ્વરૂપમાં દૃષ્ટિ છે તેથી વીતરાગતા છે. જેમ બીજ ઊગી છે તે પૂર્ણ—પૂનમ થશે જ એમાં સંશય કે સંદેહ નથી. તેમ જેને અંતર આત્મભાન થયું છે તેને કેવળજ્ઞાન થવાનું જ છે, કેવળજ્ઞાન દોડ્યું આવે છે. તે અલ્પકાળમાં પ્રગટ થશે જ, એમાં સંશય કે સંદેહ શ્રુતજ્ઞાનીને થતો નથી.

પ્રશ્ન :—અમારી કાળલબ્ધિ પાકી નથી એટલે સમ્યગ્દર્શન થતું નથી ને?

ઉત્તર :—ના, ના; એમ નથી, પણ તમારો પુરુષાર્થ નથી એટલે સમ્યગ્દર્શન થતું નથી. કાળલબ્ધિની ભાષા સાંભળીને ધારી લ્યે ને બોલે એમ ન ચાલે. ભગવાને દેખ્યું હશે ત્યારે થશે એમ ધારી લેવાથી ન ચાલે. ભગવાને દીઠું એની પ્રતીત છે? ભગવાને દીઠું એનું યથાર્થ જ્ઞાન કરે, યથાર્થ નિર્ણય કરે એની દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ઉપર હોય અને તેની કાળલબ્ધિ પાકી જ હોય છે. પરના કાર્ય કરવામાં તો ઊંધો પુરુષાર્થ કરો છો અને તારા આત્મકાર્યમાં કાળલબ્ધિના બહાના કાઢી પુરુષાર્થ કરતો નથી તો સમ્યગ્દર્શન ક્યાંથી થાય?



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન :***—આજના મહામંગળ દિવસે આપ આશીર્વચન આપો.

**સમાધાન :**—બધાએ જીવનમાં એક ધ્યેય રાખવાનું – જ્ઞાયક આત્મા કેમ ઓળખાય? જીવનમાં જે નિર્ણય કર્યો છે તે નિર્ણયની દૃઢતાથી આગળ જવાનું છે. અંદર પુરુષાર્થ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો, શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની અને અંદરમાં જ્ઞાયકદેવની આરાધના-મહિમા કરવી. બસ, બીજા બધા વિભાવભાવોને ગૌણ કરી દેવા અને જ્ઞાયકદેવને મુખ્ય કરીને જીવન ગાળવું. બસ તે એક જ ધ્યેય રાખવું. જે ધ્યેય નક્કી કર્યું છે કે આ રીતે જીવન ગાળવું તે એક જ ધ્યેયની દૃઢતાથી આગળ જવાનું છે. શાસ્ત્ર-સ્વાધ્યાય, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા અને અંદર શુદ્ધાત્મા કેમ ઓળખાય તે ધ્યેયની દૃઢતા રાખવી. હું તો એક જ કહું છું અને તે એક જ કરવાનું છે કે એક આત્માને ઓળખો. બસ, તેમાં બધું આવી જાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યમાં રહીને તેમની અને આત્માની આરાધના કરવી. બસ, આ જ કરવાનું છે. લૌકિક જીવન જુઓ ને! કેવાં જાય છે? આ જીવન જે આત્મા માટે ગાળ્યું તે યથાર્થ જીવન છે, બાકી સંસારનાં બધાં લૌકિક જીવન નકામાં છે. લૌકિકમાં તો આખો દિવસ ખાવું, પીવું, વ્યવહાર રાખવા તે બધું હોય છે. તે બધું જીવન તે જીવન નથી. મનુષ્ય જીવનમાં જ્ઞાયકનું ધ્યેય હોય અને દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે તેમાં જીવન જાય તો તે સફળ જીવન છે. બાકી તે વિના બધા જીવન સાવ નિષ્ફળ, તુચ્છ ને સૂકા છે. તે જીવન આદરવા યોગ્ય નથી. એક શુદ્ધાત્મા આદરવા યોગ્ય છે. તેથી જે જીવનમાં આત્માનું કાંઈ કર્યું નહિ, શુદ્ધાત્માનું ધ્યેય રાખ્યું નહિ, તેની આરાધના કરી નહિ, તથા દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરી નહિ તે જીવન નકામું છે.

પદ્મનંદી આચાર્યદેવે કહ્યું છે કે તે ગૃહસ્થાશ્રમ શું કામનો? કે જે ગૃહસ્થાશ્રમમાં ગુરુના પગલાં નથી, ગુરુનાં આહારદાન નથી, જિનેન્દ્રદેવનાં દર્શન નથી, તેમ જ શાસ્ત્ર-સ્વાધ્યાય નથી. તે ગૃહસ્થાશ્રમને પાણીમાં બોળી દેજે એમ આચાર્યદેવે કહ્યું છે.

***પ્રશ્ન :***—જ્ઞાનીનું જ્ઞાન નિર્વિકલ્પપણે કામ કરે છે?

**સમાધાન :**—જેમ શ્રદ્ધા કામ કરે છે તેમ જ્ઞાન પણ સહજ કામ કરે છે. તેને વિકલ્પ ઉઠાવવો પડતો નથી. શ્રદ્ધા પણ એમ જ કામ કરે છે અને જ્ઞાનધારા પણ એવી નિર્વિકલ્પપણે

કામ કરે છે. નિર્વિકલ્પ એટલે સ્વાનુભૂતિની જે નિર્વિકલ્પતા તે નહિ, પણ તેની પરિણતિ તે જાતની થઈ જાય છે. એટલે કે તેને રાગનો વિકલ્પ કરી-કરીને જ્ઞાતાપણે રહેવું પડે તેમ નથી, પણ સહજ પરિણતિ છે. જેમ એકત્વબુદ્ધિની પરિણતિ સહજ છે, તેને કાંઈ વિકલ્પ કરીને રાખવી પડતી નથી; તેમ જ્ઞાનીને પણ પોતાનો સ્વભાવ છે એટલે જ્ઞાતાપણું સહજ રહે છે.

*પ્રશ્ન* :—પંચમકાળમાં આવા ગુરુ મળવા મુશ્કેલ છે, મહાભાગ્ય કે આવા ગુરુ મળી ગયા.

**સમાધાન** :—પંચમકાળમાં સાચા ગુરુ મળવા જ મુશ્કેલ છે. તેમાં વળી આવી રીતે સમજાવનારા ગુરુ મળવા બહુ મુશ્કેલ છે. એકની એક વાત વારંવાર કેટલી વાર સમજાવતા! આવા ગુરુ મળવા બહુ મુશ્કેલ છે. શાસ્ત્રમાં આવે છે ને? કે ધોબીને ત્યાંથી વસ્ત્ર લાવીને ઓઢીને સૂઈ ગયો. તેને વારંવાર કહે કે આ વસ્ત્ર મારું છે, મને આપી દે, મને આપી દે, આ મારું છે—એમ વારંવાર, વારંવાર કહે ત્યારે તેને ઘડ બેસે કે સાચેસાચ આ વસ્ત્ર મારું નથી. તેમ ગુરુદેવ વારંવાર કહેતા કે આ જ્ઞાયક આત્મા તું છે, શરીર તું નથી, વિભાવ તું નથી. તું આત્મા, જ્ઞાતા છો, તું કર્તા નહિ. આ શરીર તારું નથી, શરીર તું નથી. આમ કેટલીયે વાર કહે ત્યારે ઘડ બેસે. ગુરુદેવે કેટલાં વર્ષો સુધી કહ્યું, વારંવાર કહ્યું. આવો ઉપદેશ દેનારા ગુરુ શિષ્યોને મહાભાગ્યે મળે છે. આચાર્યદેવ કહે છે કે જીવ મોહમાં ટકે છે તે આશ્ચર્ય છે. મોહમાં તું કેમ રહે છે? મોહ વગરનો આત્મા મોહમાં ઊભો છે, એ આશ્ચર્ય છે.

*પ્રશ્ન* :—શું આત્માને ઓળખ્યા વિના રાગ–દ્વેષ છૂટે નહિ?

**સમાધાન** :—પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારાં નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી. પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી, સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે. જે પાત્ર આત્માર્થી હોય—જેને આત્માનું પ્રયોજન હોય—તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે, પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક-જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે, તો પણ મને

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

## બાળ વિભાગ

# જુઓ, પરિણામોની વિચિત્રતા

### (બે વૈરાગી રાજકુમારોની કથા)

ભગવાન રામચંદ્રજીના વખતની વાત છે. સિદ્ધાર્થનગરીના રાજા ક્ષેમંકર અને રાણી વિમલા દેવી : તેમના બે પુત્રો : એક દેશભૂષણ અને બીજા કુલભૂષણ. બંને ભાઈઓને એકબીજા પ્રત્યે અપાર પ્રેમ છે, માત્ર આ ભવમાં નહિ પણ પૂર્વે અનેક ભવથી તેઓ એકબીજાના ભાઈ હતા. બંને ભાઈઓ આત્માને જાણનારા હતા ને પૂર્વભવના સંસ્કારી હતા.

રાજાએ નાનપણથી જ બંનેને વિદ્યા ભણવા બહારગામ મોકલ્યા. પંદર વર્ષો સુધી બંને ભાઈઓ વિદ્યાભ્યાસમાં એવા મશગુલ હતા કે વિદ્યાગુરુ સિવાય બીજા કોઈને ઓળખતા પણ ન હતા. વિદ્યા અભ્યાસ પૂરો કરીને જ્યારે બંને યુવાન કુમારો પાછા ઘરે આવ્યા ત્યારે રાજાએ નગરીને શણગારીને તેમનું ભવ્ય સન્માન કર્યું ને તેમના વિવાહ માટે રાજકન્યાઓ પસંદ કરીને તૈયારી કરી.

બંને ભાઈઓની સ્વાગત—યાત્રા સંપૂર્ણ નગરીમાં ફરતાં ફરતાં રાજમહેલ પાસે આવી, ત્યાં ઝરૂખામાં એક અતિ સુંદર રાજકન્યા પ્રસન્નચિત્તે ઊભી હતી. તેનું અદ્‌ભૂત રૂપ દેખીને બંને રાજકુમારો તેના ઉપર મુગ્ધ બન્યા. તે રાજકન્યા પણ એકીટકે તેમને જોઈ રહી. બંનેનું અદ્‌ભુત રૂપ નીહાળી—નીહાળીને તે પણ ખૂબ પ્રસન્ન થતી હતી.

હવે, એકસાથે આ દેશભૂષણ—કૂલભૂષણ બંને ભાઈઓને એમ થયું કે આ રાજકન્યા મારા માટે જ છે....તે મારા ઉપર પ્રસન્ન થઈ છે ને હું તેને પરણીશ; પરંતુ બીજો ભાઈ પણ એ જ રાજકન્યા ઉપર જ નજર માંડીને તેને રાગથી નીહાળી રહ્યો છે,—તે દેખીને બંનેને એકબીજા ઉપર દ્વેષ આવ્યો કે જો મારો ભાઈ આ કન્યા ઉપર દૃષ્ટિ કરશે તો હું તેને મારીને પણ આ રાજકન્યાને પરણીશ—આમ મનમાં ને મનમાં તેઓ એકબીજાને મારી નાખીને પણ રાજકન્યાને પરણવાનું વિચારતા હતા; બંનેનું ચિત્ત એક જ રાજકુમારીમાં એકદમ આસક્ત હતું. તેથી એકબીજાને કહેવા લાગ્યા કે 'આ રાજકુમારીને હું પરણીશ, તું નહીં'.

આમ હું.... તું કરતાં બંને ભાઈઓ હાથી ઉપર બેઠાબેઠા વાદવિવાદ કરવા લાગ્યા. કન્યાના મોહવશ બંને ભાઈઓ એકબીજા પ્રત્યેના પરમ પ્રેમને ભૂલી ગયા ને દ્વેષથી વર્તવા લાગ્યા; કન્યાને ખાતર એકબીજા સામે લડવા ને મારવા તૈયાર થયા.

(અરે વિષયાસક્તિ ! ભાઈ-ભાઈના સ્નેહને પણ તોડાવી નાખે છે ! અરેરે ! ચાર-

ચાર ભવથી પરમ સ્નેહ રાખનારા બંને ભાઈઓ અત્યારે વિષયાસક્તિવશ એક-બીજાને મારવા પણ તૈયાર થયા !)

**હૃદય-પરિવર્તન–**

એવામાં તો, અમુક શબ્દો તેમના કાને પડતાં જ બંને ભાઈઓ ચોંકી ઊઠ્યા.... જાણે વીજળી પડી હોય એમ બંને સ્તબ્ધ થઈ ગયા.... શું હતાં તે શબ્દ !

તેમની સાથેના બુદ્ધિમાન મંત્રીએ, બંને રાજકુમારોને લડાઈ કરવાની તૈયારી કરતા દેખ્યા; તથા બંનેની નજર રાજકુમારી તરફ લાગેલી છે–તે દેખીને, બુદ્ધિશાળી મંત્રી પરિસ્થિતિને સમજી ગયા કે આ બંને રાજકુમારી માટે લડે છે...

તેમણે તરત જ કહ્યું : ''જુઓ રાજકુમારો ! સામે રાજમહેલના ઝરૂખામાં 'તમારી બહેન' ઊભી છે, તે ઘણા વર્ષે તમને પહેલી જ વાર દેખીને અત્યંત પ્રસન્ન થઈ રહી છે : અહા ! કેવા મજાના શોભે છે–મારા ભાઈઓ !–એમ એકીનજરે તેમને નીરખી રહી છે. તમે વિદ્યાભ્યાસ કરવા ગયેલા ત્યારે પાછળથી તેનો જન્મ થયેલો, તે તમારી બહેન તમને પહેલી જ વાર દેખીને કેવી ખુશ થાય છે ! તમે પણ તેને પહેલી જ વાર જોઈ રહ્યા છો....''

''અરેરે ! આ ઝરૂખામાં ઊભી-ઊભી અમારા સામે હસે છે તે રાજકુમારી, બીજી કોઈ નહિ પણ અમારી જ સગી બહેન છે !''–એમ જાણતાં જ બંને ભાઈઓના ચિત્તમાં જબરદસ્ત આંચકો લાગ્યો, લજ્જાથી તેઓ ત્યાં જ ઠરી ગયા !

તેઓ વિચારવા લાગ્યા–''અરેરે ! આ તો અમારી નાની બહેન ! અમે એને કદી જોયેલી નહિ તેથી ઓળખી શક્યા નહિ, અજ્ઞાનને લીધે અમારી બહેન ઉપર જ અમે વિકારથી મોહિત થયા ! અને એકબીજાને મારવાના વિચાર કરવા લાગ્યા ! અરે, વિષયાંધ થઈને અમે ભાઈ ભાઈનો સ્નેહ પણ ભૂલી ગયા ! અરેરે ! અમને આવા દુષ્ટ ભાવ કેમ થયા !

અરેરે ! આવા સંસારમાં નથી રહેવું ! જ્યાં એક ભવની સ્ત્રી બીજા ભવમાં બહેન કે માતા થાય, એક ભવની બહેન બીજા ભવમાં સ્ત્રી વગેરે થાય. હવે આવા સંસારથી બસ થાઓ ! અનેક દુઃખોથી ભરેલો આ સંસાર, જેમાં દુષ્ટ મોહ જીવને અનેક નાચ નચાવે છે; અમને ધિક્કાર છે કે મોહવશ અમારી બહેન ઉપર જ અમને વિકાર થયો ! હવે માતા-પિતાને અમે શું મોઢું બતાવીએ !''

આમ વિચારીને તેમને રાજમહેલમાં જતાં અત્યંત શરમ થઈ. એટલે સંસારને અસાર સમજી બંને ભાઈઓ તેનાથી અત્યંત વિરક્ત થયા અને ત્યાંથી જ પાછા વળીને જિનદીક્ષા લઈને મુનિ થયા. મુનિ દેશભૂષણ અને કુલભૂષણ આત્મસાધનામાં તત્પર

હતા. મહાન તપના પ્રભાવે તેમને આકાશગામિની ઋદ્ધિ પ્રગટી હતી. તેઓ દેશોદેશ વિચરતા થકા પૃથ્વીને તીર્થરૂપ બનાવવા લાગ્યા..... તેમના પિતા બંને પુત્રોના વિરહમાં આહારનો ત્યાગ કરી, પ્રાણ છોડીને ભવનવાસી દેવમાં ગરુડેન્દ્ર થયા.

## (મોક્ષગામી બે રાજકુમારો..... તેમનું સાચું કુટુંબ)

દેશભૂષણ અને કુલભૂષણ એ બંને રાજકુમાર બંધુઓ, જ્યારે એકાએક સંસારથી વિરક્ત થઈ મુનિદીક્ષા લેવા તૈયાર થયા, ત્યારે પુત્રવિયોગથી વ્યાકુળ માતાએ પુત્રોને દીક્ષા લેતા રોકવા ઘણો પ્રયત્ન કર્યો, તેની બહેને પણ મુનિપણામાં ઘણાં કષ્ટ બતાવતાં કહ્યું :—

"હે બંધુઓ ! ત્યાં કોઈ માતા, પિતા કે પરિવાર નથી, કુટુંબ વગર વન જંગલમાં એકલા એકલા તમે કઈ રીતે રહેશો ?"

ત્યારે વૈરાગી કુમારો જવાબ આપતાં કહે છે કે "હે માતા ! હે બહેન ! મુનિદશામાં તો મહાઆનંદ છે ત્યાં કોઈ આત્મા એકલો નથી, તેમનો મહાન ચૈતન્યપરિવાર તેની સાથે જ છે". સાંભળો—

(શાર્દૂલવિક્રીડિત છંદ)

"धैर्ययस्य पिता क्षमा च जननि शांतिश्चिरं गेहिनी,
सत्यं सुनुरयं दया च भगिनी भ्राता मनः संयमः।
शय्या भूमितलं दिशोपि वसनं ज्ञानामृतं भोजनं,
एते यस्य कुटुंबिनो वश सखे! कस्मात् भयं योगिनः।।

ધૈર્ય તો જેના પિતા છે, ક્ષમા જેની માતા છે, અત્યંત શાંતિ જેની ગૃહિણી છે, સત્ય જેનો સુત છે, દયા જેની બહેન છે, અને સંયમ જેનો ભાઈ છે, આવો ઉત્તમ વીતરાગી પરિવાર મુનિઓને વનજંગલમાં આનંદ આપે છે. વળી પૃથ્વી જેની શય્યા છે, આકાશ જેનાં વસ્ત્ર છે, જ્ઞાનામૃત જેનું ભોજન છે, એવા યોગીને શેનો ભય હોય ? ભય તો મોહમય સંસારમાં છે, મોક્ષના સાધકોને ભય કેવો ?"

આમ કહી દેશભૂષણ-કુલભૂષણ બંને રાજકુમારો વનમાં ચાલ્યા ગયા, ને દીક્ષા લઈ મુનિ થયા. તેની બહેન અર્જિકા થઈ. બંને રાજકુમારો મુનિ થઈને ચૈતન્યના અનંત ગુણ પરિવાર સાથે ખૂબ આનંદથી કેલિ કરવા લાગ્યા, શુદ્ધોપયોગ વડે નિજગુણના સ્વપરિવાર સાથે કેલિ કરતાં કરતાં મોક્ષને સાધવા લાગ્યા. (ક્રમશઃ)

## (૯૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ X નિશાની કરો.

(૧) તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને મનુષ્યગતિમાં જાય છે. .........

(૨) પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષનું કારણ છે. .........

(૩) સમકિતી જ્ઞાની અનુભવી જીવને પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થઈ જાય છે. .........

(૪) પર્યાય એક સમય પૂરતી ક્ષણિક છે તેથી પર્યાય નથી જ એમ જરૂર કહી શકાય. .........

(૫) નિમિત્તથી કાર્ય થાય છે તેમ માને તે મિથ્યાદૃષ્ટિ છે અને નિમિત્ત વગર કાર્ય થાય તેમ નથી તેમ માને તેપણ મિથ્યાદૃષ્ટિ છે. .........

(૬) મિથ્યાત્વદશામાં જીવને આયુષ્યનો બંધ પડી ગયો હોય અને પાછળથી સમ્યક્‌દર્શન થાય તો તેની ગતિ બદલાઈ જાય છે. .........

(૭) પર્યાયો અક્રમવર્તી અને ગુણો ક્રમવર્તી છે. .........

(૮) જે સમયે સિદ્ધદશાનો ઉત્પાદ તે જ સમયે સંસારદશાનો વ્યય ને આત્મદ્રવ્ય ધ્રુવ હોય છે. .........

(૯) જો જીવ તીવ્ર પાપ કરે તો જરૂર તે ભવ્યમાંથી અભવ્ય થઈ જાય છે. .........

(૧૦) આત્માની એક એક શક્તિને જુદા લક્ષમાં લેવાથી શક્તિનું નિર્મળ પરિણમન થાય છે. .........

(૧૧) દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય બધું હોવાથી દ્રવ્ય અને પર્યાય સમાન કોટિના છે .........

(૧૨) ગૃહસ્થદશામાં જ્ઞાનીને પરિગ્રહની મમતા સર્વથા છૂટતી નથી. .........

(૧૩) દ્રવ્ય અને પર્યાય બન્નેનું સામર્થ્ય એક સરખું છે. .........

(૧૪) ધર્મ આત્માના ધ્યાન દ્વારા થઈ શકે છે માટે ચારેય પ્રકારનાં ધ્યાન જીવે અવશ્ય કરવા જોઈએ. .........

(૧૫) એક સાથે જાણવું તથા પરિણમન કરવું તેને સમય કહે છે. .........

(૧૬) જ્ઞાની જીવને પહેલા ગુણસ્થાન પછી બીજું ગુણસ્થાન આવે છે. .........

(૧૭) નિયમસારની અદ્‌ભુત ટીકા શ્રી અમૃતચંદ્રાચાર્યે કરી છે. .........

(૧૮) પર્યાયોમાં કોઈ પર્યાય ક્રમબદ્ધ છે અને કોઈ અક્રમબદ્ધ છે. .........

(૧૯) નય પક્ષના વિકલ્પોનું ફળ પણ ભવ કરનારું છે. .........

(૨૦) પર્યાય તથા ગુણ બન્ને ક્રમબદ્ધ છે. .........

# (૯૯) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) .............. ગુણને ન માનવામાં આવે તો જીવ પોતે પોતાને જાણી શકતો નથી. તથા કેવળજ્ઞાન પ્રાપ્ત કરતો નથી. (અગુરુલઘુત્વ, પ્રમેયત્વ, અસ્તિત્વ)

(૨) સામાન્ય તથા વિશેષ ગુણોમાં ................ અપેક્ષાએ ભેદ છે. (ક્ષેત્ર, સંખ્યા, સંજ્ઞા)

(૩) ................. વિના તીર્થંકર ભગવાનની વાણી ખરતી નથી. (ચક્રવર્તી, દેવ, ગણધર)

(૪) સામાન્યગુણથી ............. ની સિદ્ધિ થાય છે. (જાતિ, દ્રવ્ય, પર્યાય)

(૫) અનુપ્રેક્ષા એ ............... નો પ્રકાર છે. (માર્ગણાસ્થાન, બારભાવના, સ્વાધ્યાય)

(૬) શુક્લધ્યાનના .................. ભેદ છે. (ચાર, ત્રણ, આઠ)

(૭) બધા જ તીર્થંકર સમાન શક્તિવાળા હોવા છતાં શાંતિનાથ ભગવાન શાંતિ આપનારા છે તેમ માનવું એ ............ દોષ છે. (મલિન, અગાઢ, ચલ)

(૮) જ્યાં પર્યાપ્તિ પૂર્ણ થતી નથી અને મરણ થઈ જાય તેને .............. જીવ કહે છે. (લબ્ધપર્યાપ્તક, નિર્વૃત્ય પર્યાપ્ત, પર્યાપ્ત)

(૯) શ્રીપીઠ નામના રુદ્ર ............. ભગવાનના કાર્યકાળમાં થયા. (કુંથુનાથ, શાંતિનાથ, નમિનાથ)

(૧૦) ગોમ્મટસાર એ ..................... નું શાસ્ત્ર છે. (ચરણાનુયોગ, કરણાનુયોગ, પ્રથમાનુયોગ)

(૧૧) અગિયાર અંગ પૈકી પ્રથમ આચાર અંગમાં ............ હજાર પદ હોય છે. (અઢાર, બત્રીસ, ત્રેસઠ)

(૧૨) ભિન્નભિન્ન પદાર્થોમાં રહેવાવાળા પ્રતિનિયત અસ્તિત્વને ............. સત્તા કહે છે. (મહા, અવાન્તર, દેશ)

(૧૩) સ્થાપના એ ............... નો ભેદ છે. (નિક્ષેપ, પ્રમાણ, નય)

(૧૪) સયોગી કેવળી એ ................. નો પ્રકાર છે. (અંતરાત્મા, પરમાત્મા, બહિરાત્મા)

(૧૫) .......... કર્મના કારણે પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે. (મોહનીય, અંતરાય, વેદનીય)

(૧૬) બુદ્ધિપૂર્વકનો રાગ .................. ગુણસ્થાન સુધી હોય છે. (પાંચમા, છઠ્ઠા, સાતમા)

(૧૭) પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઈ અવસ્થાની નિત્યતાને ............. કહે છે. (ધ્રૌવ્ય, ઉત્પાદ, વ્યય)

(૧૮) જીવની કેવળજ્ઞાન પર્યાય એ ................ પર્યાય છે. (સ્વભાવ અર્થ, વિભાવઅર્થ, સ્વભાવ વ્યંજન)

(૧૯) આત્મબળને પ્રગટ કરવું તેને .............. કહે છે. (તપાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર)

(૨૦) .......... ની પર્યાય ૧૩મા ગુણસ્થાનમાં પૂર્ણ નિર્મળ થાય છે. (જ્ઞાન, ચારિત્ર, શ્રદ્ધા)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૫૦ થી ૬-૦૦ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ઓક્ટોબર— ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) મોક્ષમાં | (૬) સ્વર્ગમાં | (૧૧) મોક્ષમાં | (૧૬) નરકમાં |
| (૨) મોક્ષમાં | (૭) મોક્ષમાં | (૧૨) મોક્ષમાં | (૧૭) નરકમાં |
| (૩) મનુષ્ય ગતિ | (૮) મોક્ષમાં | (૧૩) સ્વર્ગમાં | (૧૮) મોક્ષમાં |
| (૪) સ્વર્ગમાં | (૯) નરકમાં | (૧૪) સ્વર્ગમાં | (૧૯) સ્વર્ગમાં |
| (૫) મોક્ષમાં | (૧૦) સ્વર્ગમાં | (૧૫) મનુષ્ય ગતિ | (૨૦) મનુષ્ય ગતિ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર – ૨૦૨૧ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) હસ્તિનાપુર | (૬) અજ્ઞાન | (૧૧) સંવર | (૧૬) સમ્યક્ |
| (૨) કુબેર | (૭) સ્વાધ્યાય | (૧૨) આઠ | (૧૭) દ્રવ્યાનુયોગ |
| (૩) બે | (૮) લાલ | (૧૩) લોક | (૧૮) ઉપયોગ |
| (૪) સ્થિતિકરણ | (૯) લઘિમા | (૧૪) ચાર | (૧૯) પ્રમાણ |
| (૫) પહેલું | (૧૦) અતિશય | (૧૫) માર્દવ | (૨૦) ત્રણ |

## વૈરાગ્ય સમાચાર :–

* શ્રી દિગંબર જિનમંદિર—રાજકોટના ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી કિશોરભાઈ મૂળજીભાઈ લાખાણી (ઉ.વ. ૮૬)નું તા. ૨૪-૦૯-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત હતા. તેમજ અંતિમ સમય સુધી આત્મસાધના સાધવા પ્રયત્નશીલ હતા.
* સુરેન્દ્રનગરનિવાસી સ્વ. જગજીવન ચતુરભાઈના સૌથી નાના દીકરી બા.બ્ર. સુશીલાબેન જગજીવનદાસ શાહ (ઉ.વ. ૮૭)નું તા. ૬-૧૦-૨૦૨૧ના રોજ સુરેન્દ્રનગર ખાતે દેહ પરિવર્તન થયેલ છે. તેઓ આઠ વર્ષની ઉંમરથી સોનગઢમાં પૂજ્ય બહેનશ્રી અને પૂજ્ય શાંતાબેનના સાંનિધ્યમાં આજીવન રહ્યા હતા.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને ખંડજ્ઞાન અને અખંડજ્ઞાન બન્ને એક સાથે હોય ?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને અખંડની દૃષ્ટિ છે તેમ ખંડ ખંડ જ્ઞાન જ્ઞેયરૂપ છે, એ જ્ઞાનપર્યાયમાં બે ભાગ છે, જેટલું સ્વલક્ષી જ્ઞાન છે તે સુખરૂપ છે. જેટલું પરલક્ષી પરસત્તાવલંબી જ્ઞાન છે તે દુઃખરૂપ છે. પર તરફનું શ્રુતનું જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાન છે, પરજ્ઞેય છે, પરદ્રવ્ય છે. આહાહા ! દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે પણ ઇન્દ્રિયજ્ઞાન પણ પરદ્રવ્ય છે. આત્માનું જ્ઞાન તે જ વાસ્તવિક જ્ઞાન છે. ૪૮૧.

● પ્રશ્ન :—આત્માનો અનંત ગુણોનો અને તેની અનંતી પર્યાયના સામર્થ્યનો આટલો બધો મહિમા કરો છો તો તિર્યંચને આવી ખબર ક્યાં છે ?

ઉત્તર :—તિર્યંચને વસ્તુનો મહિમા પ્રતીતમાં આવી જાય છે. વસ્તુનો અનંત અનંત મહિમા પ્રતીતમાં આવે છે. ૪૮૨.

● ક્રમબદ્ધનો સાચો નિર્ણય જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય ત્યારે થાય છે. રાગ જ્ઞેય છે એમ ક્યારે ભાસે ?—કે રાગથી ભિન્ન જ્ઞાતા થયો તેને રાગ જ્ઞેયપણે ભાસે છે. યોગ્યતા અનુસાર રાગ થાય તેનું ક્યારે સાચું જ્ઞાન થાય ?—કે જ્ઞાતા એની દૃષ્ટિમાં આવે ત્યારે યોગ્યતાનું સાચું જ્ઞાન થાય. રાગ ઉપર દૃષ્ટિ પડી હોય અને ક્રમબદ્ધમાં રાગ હતો, યોગ્યતામાં રાગ હતો—એમ બોલે તે ન ચાલે ! પર્યાય અંદરમાં વળીને દૃષ્ટિમાં દ્રવ્યને પકડે ત્યારે ક્રમબદ્ધ, યોગ્યતા આદિનું સાચું જ્ઞાન થાય છે. ૪૮૩.

● પ્રશ્ન :—જ્ઞેયને જાણવાથી રાગ-દ્વેષ થાય કે ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરવાથી રાગ-દ્વેષ થાય ?

ઉત્તર :—પરજ્ઞેયને જાણવા ગયો (પરની સન્મુખ થવું) તે જ રાગ છે. ખરેખર પરજ્ઞેયને જાણવા જવું પડતું નથી. ૪૮૪.

● આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા જનાર જીવ પહેલા શુદ્ધનયથી હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું—એવો નિશ્ચય કરે છે. આ નિશ્ચયમાં પાંચ ઇન્દ્રિયના વિકલ્પોથી ખસ્યો છે ને મનના વિકલ્પમાં આવ્યો છે પણ એ મનના વિકલ્પોને પણ છોડવા આવ્યો છે તે આગળ વધતા મન સંબંધી વિકલ્પોને જલદી વમી નાખીને નિર્વિકલ્પ થાય છે. ૪૮૫.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૨૧
અંક-૩ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-11-2021
Posted on 1-11-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org